For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 20 | Saturday 13 January 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper...
**newsonlinelive.tv**



Gadgets ગુરૂ
Vivo X100 સિરીઝ 63,999ની કિંમતે લોન્ચ 4

ઉત્તરાયણ ની હાર્દિક શુભકામનાઓ

10 ગોલ્ડન ગ્લોબ એવોર્ડ 2024 વિજેતાઓનું લિસ્ટ,લીલી ગ્લેડસ્ટોન બેસ્ટ અભિનેત્રી



## ભારે સ્નોફોલને કારણે જન-જીવન અસ્તવ્યસ્ત, શાળા-કોલેજોમાં રજા જાહેર કરાઈ

# અમેરિકામાં બરફનું તોફાન

## લોકો પર કાતિલ ઠંડીનું ટોર્ચર

### કેટલાક રાજ્યોમાં તંત્ર દ્વારા હાઈ એલર્ટ જાહેર

### કેટલાક શહેરમાં બરફના થર જામ્યા, કેટલાક શહેર ભારે વરસાદને પગલે પાણીમાં ગરકાવ... હવામાન વિભાગે હિમવર્ષાનું આપ્યું અલર્ટ



■ શિકાગો

અમેરિકાના કેટલાક વિસ્તારોમાં બરફનું ભારે તોફાન ફરી વળ્યું છે. શિકાગોમાં એક સપ્તાહમાં બે વખત બરફનું તોફાન આવતા જન-જીવન અસ્તવ્યસ્ત થઇ ગયુ છે. બરફનું તોફાન એટલુ ભયંકર છે કે કેટલાક વિસ્તારોમાં તો 1 ફૂટથી વધારે બરફ પડ્યો છે. જેના કારણે બરફ હટાવવાની કામગીરીમાં પણ વિક્ષેપ આવી રહ્યો છે. છેલ્લા બે દિવસથી અમેરિકાના ન્યૂયોર્ક, ન્યૂજર્સી, વોશિંગ્ટન સહિતના વિસ્તારોમાં આ પ્રકારે ભારે તોફાન આવવાની આગાહી હવામાન વિભાગે કરી રાખી હતી. જેના પગલે તંત્ર દ્વારા પહેલેથી જ કેટલાક પગલા ભરી દેવામાં આવ્યા હતા. જો કે, શિકાગોની વાત કરીયે તો અહી તંત્ર દ્વારા બરફના તોફાનને પગલે હાઈ-એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતુ. પરિણામે તમામ શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. (વધુ વિગત અંદરના પાને)

## ભારે હિમ વર્ષાને પગલે જન-જીવન પર મોટી અસર થઇ

અમેરિકામાં સ્થાનિક લોકોએ અને તેમાંય બાળકોએ સ્નોફોલમાં ભારે મજા માણી હતી. શિકાગો પાસેના કેટલાક તળાવો તેમજ ગાર્ડનમાં ખાસ સ્નોની રમતો માટેનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેના કારણે સ્નો સ્લાઈડીંગ તેમજ ટ્યુબ સ્લાઈડીંગ જેવી રમતોનો આનંદ સ્નાથીક લોકો તેમજ બાળકોએ ઉઠાવ્યો હતો.  જો કે બીજી તરફ એક ખાનગી સમાચાર એજન્સીના જણાવ્યા પ્રમાણે અમેરિકામાં આવેલા ભારે તોફાનને પગલે પાંચ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. કેટલાંક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાને પગલે લાઈટના થાંભલા પડી ગયા છે જેના પગલે મેરીલેન્ડ સહીતના રાજ્યોના કેટલાક વિસ્તારોમાં વિજળી ગુલ થઈ છે. એક તરફ ભારે તોફાન અને પવન તેમજ બરફ પડી રહ્યો છે. ત્યારે બીજી તરફ વિજળી ગુલ તઈ જતા લોકોને ભારે હાલાકીને સામનો કરવો પડી રહ્યો છે. કારણે ભારે બરફ વરસાદને કારણે વાતાવરણ ઠંડુ છે અને બીજી તરફ લાઈટ ન હોવાથી હીટર પણ કામ ન કરતુ હોવાથી સામાન્ય લોકોને જવવું બેહાલ બની ગયુ છે. જો કે બીજી તરફ સરકારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે પહેલેથી જ એલર્ટ જાહેર કરી દીધુ હતુ. શિકાગોમાં શુક્રાવારથી શનિવાર બપોર સુધી બરફ વરસાદની આગાહી હોવાથી તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યુ હતુ. એટલું જ નહીં તંત્ર દ્વારા મહત્વના કામ સિવાય ઘરની બહાર ન નીકળવા પણ સામાન્ય લોકોને સલાહ આપવામાં આવી હતી.








## કેટલાક વિસ્તારોમાં 12 ઈંચ બરફ પડ્યો

શિકાગોમાં બરફનું તોફાન એટલુ ભયંકર આવ્યુ હતુ કે કેટલાક વિસ્તારોમાં તો બરફ ૧૨ ઈંચ સુધી પડ્યો હતો. જેનાકારણે બરફ હટાવવાની કામગીરી પણ ખોરંભે પડી ગઈ હતી. અગાઉ મંગળવારે શિકાગો સહિત આસ-પાસના વિસ્તારોમાં બરફનું તોફાન આવ્યુ હતું. જેમાં 9 ઈંચ જેટલો સ્નો પડ્યો હતો. તે હટાવવાની કામગીરી હજી પૂરી રીતે પતી ન હતી. ત્યારે શુક્રવારે ફરિ એકવાર સ્નો પડ્યો હતો. એટલુ જ નહીં શુક્રવારે સ્નો 12 ઈંચ સુધી પડતા ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

## બરફના તોફાનને પગલે હાઈ-અલર્ટ

શિકાગોમાં સપ્તાહમાં બે વખત બરફનું તોફાન આવતા aજન-જીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયુ હતુ. સપ્તાહના પહલે બીજા દિવસે 9 ઈંચ જેટલો બરફ અaને સપ્તાહના અંતમાં શુક્રવાર અને શનિવારે 12 ઈંચ જેટલો બરફ પડતાં તંત્રએ હાઈ-એલર્ટ જાહેર કર્યુ હતુ. શિકાગો સહીત આસ-પાસના વિસ્તારની તમામ શાળા-કોલેજોમાં રજા જાહેર કરaવામાં આવી હતી. લોકોએ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ પહેલેથી જ ભરી દીધી હતી. ઈમરજન્સી સેવાઓ ચાલુ રાખવામાં આવી હતી.

## વિમાનસેવાઓ પર અસર

ભાર બરફ ના કારણે વિમાન સેવાઓ પર અસર વર્તાઈ હતી. હાલ દુનિયામાં શિકાગો ખુબ જ વ્યસ્ત એરપોર્ટ માનવામાં આવે છે. ત્યારે અહીં ભારે હિમ વર્ષાને કારણે વિમાન સેવાઓ પર અસર થઈ હતી. હજ્જારોની સંખ્યામાં ફલાઈટ કેન્સલ થઈ હતી. જ્યારે સેંકડો ફ્લાઈટ ના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં શિકાગો આવતી સેંકડો ફ્લાઈટને ડાયવર્ટ કરીને અન્ય શહેરમાં ઉતારવાની ફરજ પાડવામાં આવી હતી.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઈ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.


### અમદાવાદના સાણંદ પાસે બનશે સેમિકન્ડક્ટર હબ

# ગુજરાત જ દેશને પ્રથમ મેડ ઈન ઈન્ડિયા ચિપ આપશે, વાયબ્રન્ટમાં થઈ જાહેરાત

## આ વર્ષથી જ શરૂ થશે મેન્યુફેક્ચરિંગ, હવે ચીન પર નહીં રહેવું પડે નિર્ભર

■ ગાંધીનગર

ટેક્નોલોજીના યુગમાં સેમિકન્ડક્ટર ચિપ રોજિંદા જીવનનો મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયો છે. ભાગ્યે જ કોઈ ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણ હશે, જેમાં સેમિકન્ડક્ટરનો ઉપયોગ ન થયો હોય. તાજેતરમાં તમે સાંભળ્યું હશે કે સેમિકન્ડક્ટર ચિપની અછતના કારણે વાહનો અને લેપટોપ સહિતની ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓમાં અછત સર્જાઈ હતી. ત્યારે આવનારા સમયમાં ભારતે સેમિકન્ડક્ટર માટે ચીન કે અન્ય કોઈ દેશ પર નિર્ભર નહીં રહેવું પડે, કારણ કે ભારતના ગ્રોથ એન્જિન ગુજરાતમાં સેમિકન્ડક્ટર ચિપનું મેન્યુફેક્ચરિંગ શરૂ થશે. સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના નિર્માણ માટે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પણ અતિમહત્ત્વપૂર્ણ છે, નોલેજ પાર્ટનર બનવા માઈક્રોન કંપનીને સૂચન પણ આપવામાં આવ્યું છે. એક ચિપ્સને તૈયાર થવા એ ત્રણ હજારથી વધારે પ્રક્રિયા કે પગલાંમાંથી પસાર થાય છે તથા પ્લાન્ટમાંથી બહાર આવે એ અગાઉ અનેક મશીનોમાં એની પર કામ કરવામાં આવે છે.





### વર્ષ 2024માં માઈક્રોન મેન્યુફેક્ચરિંગ શરૂ કરશે

આ અંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતુ કે માઈક્રોન જેવી નામાંકિત સેમિકન્ડક્ટર કંપનીએ જૂન મહિનામાં ગુજરાત સરકાર સાથે એમઓયુ સાઈન કર્યા, સપ્ટેમ્બર મહિનામાં તો કંપનીનું કન્સ્ટ્રક્શન કામ શરૂ પણ થઈ ગયું છે અને વર્ષ 2024માં માઈક્રોન ગુજરાતમાં સેમિકન્ડક્ટર ચિપનું મેન્યુફેકચરિંગ શરૂ કરશે. ગુજરાત જ દેશને પ્રથમ મેડ ઈન ઈન્ડિયા સેમિકન્ડક્ટર ચિપ આપશે.

### સેમિકન્ડક્ટર કંપનીઓ માટે રોકાણની 'નેચરલ ચોઈસ' ભારત-ગુજરાત ~~બને તેવી સંભાવના~~

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે ગુજરાતને ભારતનું સેમિકોન હબ બનાવવા એક સ્વસ્થ સેમિકન્ડકટર ઈકોસિસ્ટમનું નિર્માણ થઈ રહ્યું છે. વિશ્વભરની સેમિકન્ડક્ટર કંપનીઓ માટે ગુજરાતમાં રોકાણ કરવા માટેનો આ એકદમ ઉચિત સમય છે. એ સમય દૂર નથી, જ્યારે વિશ્વભરની સેમિકન્ડક્ટર કંપનીઓ માટે રોકાણની 'નેચરલ ચોઈસ' ભારત-ગુજરાત હશે.

### રોકાણકારોના વિશ્વાસનો પર્યાય એટલે ગુજરાત

વાઈબ્રન્ટ સમિટ 2024માં માઈક્રોનના પ્રેસિડન્ટ સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે વિશ્વમાં ગુજરાતનો ડંકો વાગ્યો છે. રોકાણમાં ગુજરાત ફેવરિટ બન્યું છે. રોકાણકારોના વિશ્વાસનો પર્યાય એટલે ગુજરાત, મને ખૂબ આનંદ છે કે ગુજરાતમાં વેપારનો મહાકુંભ યોજાયો છે. રોકાણનું ઉત્તમ સ્થળ એટલે ગુજરાત. અમે સાણંદમાં પાંચ હજાર સ્ક્વેરફૂટમાં પ્રોજેક્ટ સ્થાપીશું. માઈક્રોન એ દુનિયાની મોટી સેમિકન્ડક્ટર કંપની છે. ટાટા સાથે પાર્ટનર બનવા બદલ અમે ગર્વની લાગણી અનુભવીએ છીએ.

## NEWS FILE

### ગૂગલ-એમેઝોન સહિતની ટેક કંપનીઓમાં હજારોની છટણી

સાન ફ્રાન્સિસ્કો: અમેરિકાની ટોચની ટેક્નોલોજી કંપનીઓ ગૂગલ અને ઓનલાઈન શોપિંગ કંપની અમેઝોને ફરી એક વખત નવા વર્ષમાં મોટાપાયે કર્મચારીઓની છટણી કરવાનું શરૂ કર્યું છે. ગૂગલે તેના ડિજિટલ આસિસ્ટન્ટ, હાર્ડવેર અને એન્જિનિયરિંગ ટીમમાંથી અનેક કર્મચારીઓને કાઢી મૂક્યા છે જ્યારે રીટેલ સર્વિસ કંપની અમેઝોને પણ મોટાપાયે છટણીની તૈયારી શરૂ કરી છે. બંને ટેક્નોલોજી કંપનીઓમાં છટણી વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા પ્રભુત્વના સંકેત આપે છે. આલ્ફાબેટની માલિકીની કંપની ગૂગલે કહ્યું છે કે અત્યારે કંપની ખર્ચ ઘડાટવા માટે કર્મચારીઓની છટણીનું અભિયાન ચાલુ રાખશે.

### 2024ના વર્ષમાં દુનિયામાં બેકારી-મોંઘવારી વધશે: UN

ન્યૂયોર્ક: 2024ના વર્ષમાં બેરોજગારી અને મોંઘવારી વધશે તેવી ચેતવણી યુનાઈટેડ નેશન્સની એજન્સી ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશને આપી છે. એજન્સીના કહેવા પ્રમાણે બેકારીનો દર કોરોનાની મહામારી ફેલાઈ તે પહેલાના સ્તર કરતા ઓછો છે પણ વૈશ્વિક સ્તરે બેકારીના દરની સરેરાશ વધે તેવી શક્યતા છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના કહેવા અનુસાર જી-20 સંગઠનના સભ્ય દેશોમાં શ્રમિકોને અપાતા વાસ્તવિક મહેનાતાણામાં ઘટાડો થયો છે. કારણકે મહેનાતાણામાં જે પણ વધારો થયો છે તેના કરતા મોંઘાવારી વધારે છે.

### પાણીની અછતથી રવિ ડુંગળીની વાવણી 20 ટકા નીચી રહેશે



મુંબઈ : ૨૦૨૩માં દેશના કેટલાક રાજ્યોમાં ચોમાસુ નબળું રહેતા ખરીફ તથા રવિ અનાજકઠોળના ઉત્પાદન પર અસર પડી છે ત્યારે હવે પાણીની નીચી ઉપલબ્ધતાને પરિણામે રવિ ડુંગળીની વાવણી પણ વીસ ટકા જેટલી નીચી જોવા મળી રહી છે. વેરહાઉસમાં સ્ટોરેજ કરાતા કાંદા બગડી ન જાય તે માટે સરકાર આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત સ્ટોરેજ વ્યવસ્થા ઊભી કરવા યોજના ધરાવે છે. જળાશયોમાં પાણીના નીચા સ્તરને કારણે મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં ડુંગળીના રવિ પાકના વાવેતર વિસ્તારમાં ઘટ જોવા મળી રહી હોવાનું કૃષિ મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

# 2023માં ઈ-કારનું વેચાણ 115% વધી 82 હજારને પાર

## લોકો ઈ-કાર વાપરવાનું વધુ પસંદ કરી રહ્યા છે

■ નવી દિલ્હી



દેશમાં ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ ઝડપી ગતિએ વધી રહ્યું છે. વર્ષ 2023માં 15.30 લાખ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થયું હતું, જે વર્ષ 2022ની તુલનામાં 49.25% વધુ છે. વર્ષ 2022માં 10.25 લાખ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થયું હતું. પરંતુ આ દરમિયાન ઈલેક્ટ્રિક કારોનું વેચાણ 115% વધીને 82,000થી ઉપર નોંધાયું હતું. ફેડરેશન ઑફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા) અનુસાર, વર્ષ 2023માં 82,105 ઈલેક્ટ્રિક કારનું વેચાણ નોંધાયું હતું. તે વર્ષ 2022માં વેચાયેલી 38,240 ઈ-કારની તુલનાએ બમણાથી વધુ એટલે કે 114.71% વધુ છે. ગત મહિને દેશમાં કારના કુલ વેચાણમાં ઈલેક્ટ્રિક કારનું વેચાણ 2.5% નોંધાયું હતું, જે ડિસેમ્બર 2022માં 1.3% હતું. ગત વર્ષે ઈલેક્ટ્રિક ટૂ-વ્હીલર્સનું વેચાણ 36% વધીને 8.59 લાખથી વધુ રહ્યું હતું. જો કે કુલ વાહનોના વેચાણમાં ઈલેક્ટ્રિક ટૂ-વ્હીલર્સનો માર્કેટ હિસ્સો ડિસેમ્બર 2022ના 5.7%ની તુલનાએ મામૂલી ઘટીને ગત મહિને 5.2% રહ્યો હતો.

# 2023માં અમેરિકામાં IT ક્ષેત્રે ભરતીમાં ૧૧%નો ઘટાડો

## આગામી સમયમાં હજુ અનેક જગ્યા ખાલી થશે

■ અમદાવાદ



કોરોના મહામારીમાં છૂટ્ટા હાથે પૈસાની વહેંચણી બાદ પૈસાનો ભરાવો થતા ફુગાવાની સ્થિતિ અને આ ફુગાવાને ડામવા માટે સરકારી ખર્ર્ચમાં કાપ, વ્યાજદરમાં વધારા દ્વારા કડકાઈને કારણે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા અમેરિકા પણ સાણસામાં અટવાઈ હતી. વ્યાજદર વધતા ભારત, જર્મની, જાપાન, અમેરિકા સહિતના મોટાભાગના દેશોમાં સરકારોએ, મોટી કંપનીઓએ ખર્ચ ઘટાડયા હતા અને તેના માટે છંટણી અને નવા ખર્ચ પર કાપ મુક્યો હતો જેની સીધી અસર અમેરિકાની ટેક્નો દુનિયામાં થઈ છે. વર્ષ ૨૦૨૩ વિશ્વના સૌથી મોટા અમેરિકન ટેક્નો વર્લ્ડ માટે દુ:સ્વપ્નથી ઓછું નથી રહ્યું. ૨૦૨૨માં ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સેક્ટરમાં ૨,૬૭,૦૦૦ નવી નોકરીઓના સર્જનની સામે ૨૦૨૩માં આ આંકડો ઘટીને માત્ર ૭૦૦ થઈ ગયો હતો. હા, સાચું વાંચ્યું, 'ધ રજિસ્ટર'ના અહેવાલ અનુસાર નેટ માત્ર ૭૦૦ લોકોને ૨૦૨૩માં નોકરી મળી છે.

# લક્ષદ્વીપ સાથે જોડાયેલી કંપનીઓને ફાયદો

## « 'પ્રવેગ' શેર 20% વધ્યા, લક્ષદ્વીપ માટે સર્ચમાં 3,400% વધારો...

■ નવી દિલ્લી

ભારત અને માલદીવ્સ વચ્ચે ચાલી રહેલા વિવાદનો ફાયદો લક્ષદ્વીપ સંબંધિત સ્ટોક 'પ્રવેગ'માં જોવા મળી રહ્યો છે. પ્રવાસી સ્થળોએ વૈભવી રિસોર્ટ ચલાવતી કંપની પ્રવેગના શેર 8 જાન્યુઆરીએ 20%ના ઉછાળા સાથે રૂ. 1,037.50ની 52 સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે દિવસના ટ્રેડિંગ પછી શેર થોડા નીચે આવ્યa અને 17.51%ના વધારા સાથે રૂ. 1,015.95 પર બંધ રહ્યો. આ દરમિયાન ટ્રાવેલ કંપની મેક માય ટ્રિપએ કહ્યું વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત બાદ તેમના પ્લેટફોર્મ પર લક્ષદ્વીપ વિશે સર્ચમાં 3400%નો વધારો થયો છે. આને ધ્યાનમાં રાખીને મેક માય ટ્રિપએ 'બીચ ઑફ ઈન્ડિયા' અભિયાન શરૂ કર્યું.

એ જ સમયે EaseMyTrip એ માલદીવ્સની તમામ ફ્લાઈટનું બુકિંગ બંધ કરી દીધું છે.લોકોનું કહેવું છે કે PM મોદીની લક્ષદ્વીપની મુલાકાત ચોક્કસપણે માલદીવ્સના પ્રવાસનને મોટો ફટકો આપશે. ભારતના લોકોનો ગુસ્સો એટલો વધી ગયો કે દેશમાં હેશટેગ BoycottMaldives ટ્રેન્ડ થવા લાગ્યો. લોકો માલદીવ્સનો ઉગ્ર વિરોધ કરવા લાગ્યા.

### ગયા મહિને પ્રવેગને કામ મળ્યું હતું અને આ મહિને લાભ પણ શરૂ થઈ ગયો

ગયા મહિને પ્રવેગ નામની કંપની જે કચ્છના રણ જેવા પર્યટન સ્થળોએ વૈભવી રિસોર્ટ ચલાવે છે, તેને સરકાર દ્વારા લક્ષદ્વીપના અગત્તી ટાપુમાં 50થી વધુ ટેન્ટના વિકાસ, જાળવણી અને સંચાલનનું કામ સોંપવામાં આવ્યું હતું. પ્રવેગ લક્ષદ્વીપમાં રિસોર્ટની જાળવણી, સ્કુબા ડાઈવિંગ, ડેસ્ટિનેશન વેડિંગ, કોર્પોરેટ ફંક્શન્સ અને અન્ય બિઝનેસ એક્ટિવિટીઝની ઓફર કરશે. પ્રવેગને ત્રણ વર્ષ માટે લક્ષદ્વીપની સોંપણી આપવામાં આવી છે, જે 2 વર્ષ સુધી વધારી શકાય છે.

### EaseMyTrip માલદીવ્સની તમામ ફ્લાઈટ બુકિંગ બંધ કર્યું

EaseMyTrip એ માલદીવ્સની તમામ ફ્લાઈટ બુકિંગ બંધ કર્યું છે. EaseMyTripના સહ-સ્થાપક નિશાંત પિટ્ટીએ રવિવારે મોડીરાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી આપી હતી. નિશાંત પિટ્ટીએ કહ્યું, 'પીએમ મોદીની લક્ષદ્વીપની મુલાકાત પર માલદીવ્સના સાંસદના પદ પરના વિવાદ વચ્ચે અમે નિર્ણય લીધો છે કે અમે માલદીવ્સ માટે કોઈ બુકિંગ સ્વીકારીશું નહીં. આપણા દેશમાંથી 3 લાખ લોકો દર વર્ષે માલદીવ્સ જતા હતા, હવે તેઓ EaseMyTrip પર આ સુવિધા મેળવી શકશે નહીં. લક્ષદ્વીપમાં પ્રવાસીઓને પ્રોત્સાહન આપવા માટે અમે અમારા પ્લેટફોર્મ પર 5 નવાં પેકેજ પણ શરૂ કર્યાં છે.

## તંત્રીસ્થાનેથી...

# ભારતનો અભૂતપૂર્વ વિકાસ, તેના લાભો દેશના દરેક ઘટકોને મળી રહ્યા છે




**૨૦૨૪ના** વર્ષનો પ્રારંભ થઈ ગયો છે અને ભારતમાં વસતા વિવિધ વર્ગના ૧૪૨ કરોડ વ્યક્તિઓમાંથી કોણ ખૂશ છે અને કોણ નથી તેને લઈને હું ચિંતીત છું. તાજેતરમાં મેં કેટલાક એવા લેખો વાંચ્યા છે જેમાં દેશના દરેક લોકો સુખી હોવાના સરકારના દાવાને અનુમોદન અપાયા છે. ભારતે અભૂતપૂર્વ આર્થિક વિકાસ કર્યો છે અને તેના લાભો દેશના દરેક ઘટકોને મળી રહ્યા છે, તેવો દાવો કરાઈ રહ્યો છે. અર્થતંત્રનો વિકાસ થયો છે તેને હું નકારતો નથી પરંતુ, આ વિકાસ અભૂતપૂર્વ નથી. યુપીએના ૨૦૦૫થી ૨૦૦૮નો ત્રણ વર્ષનો ગાળો વિકાસનો સુવર્ણ કાળ હતો જેમાં આર્થિક વિકાસ દર પ્રતિ વર્ષ અનુક્રમે ૯.૫૦ ટકા, ૯.૬૦ ટકા તથા ૯.૩૦ ટકા રહ્યો હતો. વર્તમાન સરકારના છેલ્લા નવ વર્ષના ગાળામાં વિકાસ દર વાર્ષિક સરેરાશ ૫.૭૦ ટકા રહ્યો છે. વર્તમાન નાણાં વર્ષના ૬.૫૦ ટકાના અંદાજને પણ જો તેમાં ઉમેરી દેવામાં આવે તો સરેરાશ દર ૫.૮૦ ટકા રહેશે. આ દર ન તો અભૂતપૂર્વ કહી શકાય યા  ન તો દર્શનિય. તેને સંતોષકારક કહી શકાય ખરા, પરંતુ તે પૂરતો નથી.

સરકારની આર્થિક નીતિઓ નીચા સીધા વેરા, ઊંચા આડકતરા વેરા, માર્ગ, બંદર, રેલવે તથા એરપોર્ટસ જેવા માળખાકીય ક્ષેત્રમાં મૂડી રોકાણ અને સમાજના ચોક્કસ વર્ગો જેમ કે મહિલાઓને રાહત પૂરી પાડવા તરફી રહી છે. સંતોષકારક વિકાસ દરે સમાજના થોડાઘણા વર્ગને ખૂશ કર્યા જેમ કે મોટા તથા મધ્યમ કોર્પોરેટસ, ઊંચી સંપતિ સાથેની વ્યક્તિઓ, બેન્કરો, રોકાણકારો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ડોકટરો, શિક્ષકો, શ્રીમંત ખેડૂતો તથા શાહુકારો.

વર્તમાન અર્થતંત્રની નબળી બાજુ એ છે કે, સમાજના અનેક ઘટકો પાછળ રહી ગયા છે. કેટલાક તો બાકાત જ રહી ગયા છે. આ ઘટકોમાં સામેલ  લોકોની સંખ્યા ઘણી મોટી છે. પ્રથમ ઘટક એટલે કે દેશના ૮૨ કરોડ લોકો જેમને દર મહિને પાંચ કિલો નિઃશુલ્ક અનાજ પૂરું પાડવામાં આવે છે. નિઃશુલ્ક અનાજ એ દેશની સમૃદ્ધિની નિશાની ન કહી શકાય. નિઃશુલ્ક અનાજ એ વ્યાપક કુપોષણતાના, કેટલાક સ્થળોએ તો  ભૂખમરાના સંકેત આપે છે. દેશના પચાસ ટકાથી વધુ લોકોને ચોખા તથા ઘઉં જેવા અનાજ  ખરીદવાનું શા માટે પોષાતું નથી? આનો જવાબ છે નીચી આવક અને/અથવા બેરોજગારી. આ જવલંત મુદ્દાઓને હાથ ધરવા સરકાર પાસે કોઈ સ્પષ્ટ નીતિ નથી.

નીચી આવક સાથેના પરિવારોને  ટેકો પૂરો પાડવાના હેતુ સાથે મનરેગા યોજના અમલી બનાવાઈ છે. પરંતુ આ સ્કીમ પ્રત્યે સરકારની ઉદાસીનતા પ્રારંભથી જ જોવા મળી રહી છે. એપ્રિલ, ૨૦૨૨થી સરકારે રજિસ્ટર્ડ કામદારોની યાદીમાંથી ૭.૬૦ કરોડ નામો કાઢી નાખ્યા છે. હાલની યાદીમાં રજિસ્ટર્ડ કામદારો (૮.૯૦ કરોડ)માંથી એક તૃતિયાંશ તથા સક્રિય કામદારો (૧.૮૦ કરોડ)માંથી ૧૨.૫૦ ટકા આધાર આધારિત પેમેન્ટ સિસ્ટમને કારણે ગેરલાય ઠર્યા છે. મનરેગાના ટેકા વગર આ વ્યક્તિઓ જીવનનિર્વાહ કેવી રીતે કરી શકે? આ લોકો માટે જીવન એકદમ મુશકેલ છે અને તેઓ ખૂશ નથી તે નિશ્ચિત છે.

નાખૂશની યાદીમાં બીજો મોટો વર્ગ હોય તો તે છે, બેરોજગાર વ્યક્તિઓ. સરકાર રોજગાર નિર્માણ માટે કોઈ વાત કરતી નથી. સ્વરોજગારમાં વધારો થયો હોવાની વાતો કરીને સરકાર લોકોનું ધ્યાન બીજે દોરવા માગી રહી હોવાનું જણાય છે.  એક દેશ જ્યાં એક બાળક શાળામાં  સરેરાશ ૭-૮ વર્ષ પસાર કરી શકે છે અને નિપુણતાની તાલીમના અભાવનો અર્થ જ બેરોજગારી ગણવામાં આવે છે. કહેવાતા સ્વરોજગાર સાથેના  યુવક-યુવતિને કામ અનિયમિત મળતું હોય છે અને તેમની આવક પણ ફુગાવા પ્રમાણે જળવાતી નથી હોતી. તેમને અન્ય લાભ કે સલામતિ મળતી નથી હોતી. યુવા બેરોજગારીનો દર ૧૦ ટકા છે અને ૨૫ વર્ષથી નીચેની વયના યુવા ગ્રેજ્યુએટસમાં આ દર ૪૨ ટકા  છે. સ્વાભાવિક છે, કે તેઓ ખૂશ નથી.

અન્ય નાખૂશ વર્ગમાં ફુગાવાથી અસર પામેલા વર્ગનો સમાવેશ થાય છે. આમાં એ દરેક વ્યક્તિનો સમાવેશ થાય છે સિવાય કે દેશની ૬૦ ટકા સંપતિ ધરાવતા ટોચના ૧૦ ટકા લોકો. રાષ્ટ્રીય આવકના ૫૭ ટકા આ દસ ટકા લોકો રળે છે. ૨૦૨૨માં સરેરાશ ફુગાવો ૬.૭૦ ટકા રહ્યો હતો. ૨૦૨૩માં ૧૨માંથી ચાર મહિનામાં ફુગાવો ૨- ૬ ટકાની બેન્ડમાં મહત્તમ મર્યાદાથી ઉપર રહ્યો હતો. ૨૦૨૩ના નવેમ્બરમાં ફુગાવો ૫.૫૫ ટકા રહ્યો હતો. ખાધાખોરાકીનો ફુગાવો હાલમાં ૭.૭૦ ટકા છે. સરકાર દ્વારા સિદ્ધ કરાયેલી સાધારણ વૃદ્ધિના ફળો સમાજના મોટા હિસ્સાને મળી શકયા નથી.

# હમાસનું ફાયનાન્સ રોકવા અમેરિકા ખુદ મેદાનમાં માહિતી માટે કરોડોના રીવોર્ડ આપશે મહાસત્તા

## વિચાર મંથન

**ઈઝરાયલ** અને હમાસ યુધ્ધ વચ્ચે અમેરિકાના સ્ટેટ ડીપાર્ટમેન્ટ એટલે કે વિદેશ મંત્રાલયે હમાસના ફાયનાન્સિયલ નેટવર્ક વિશે માહિતી આપનારને ૧ કરોડ ડોલર (લગભગ ૮૪ કરોડ રૂપિયા) સુધીનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. અમેરિકાએ હમાસના પાંચ ફાયનાન્સર વિશે માહિતી આપનારને પણ ૧ કરોડ ડોલર સુધીનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.

સુદાનના બિઝનેસમેન અબ્દેલબસિત હમઝા, હમાસના ઈન્વેસ્ટમેન્ટ પોર્ટફોલિયો સેક્રેટરી અહમદ સાદુ જહલેબ, હમાસના ટોચના આતંકવાદી મુહમ્મદ અહમદ નસરલ્લાહ, તુર્કીયેના બિઝનેસમેન આમીર કમાલ અલશાવા અને વાલિદ મોહમ્મદ મુસ્તફા જદલ્લાહ એમ પાંચ ફાયનાન્સિયરને અમેરિકાએ નિશાન બનાવીને તેમના વિશે માહિતી માગી છે.

અમેરિકાએ જાહેર કરેલી ઈનામની રકમ બહુ મોટી છે કેમ કે સામાન્ય રીતે રીવોર્ડસ ફોર જસ્ટિસ હેઠળ ૧૦ લાખ ડોલર કે ૨૦ લાખ ડોલરના ઈનામની રકમ અપાતી હોય છે. ઓસામા બિન લાદેન જેવા આતંકવાદીઓની માહિતી માટે અમેરિકાએ ૫૦ લાખ ડોલરનું ઈનામ જાહેર કરેલું. અમેરિકાના મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ ઘણા ટેરરિસ્ટ માટે હજુય ૫૦ લાખ ડોલરનું ઈનામ જાહેર થયાં છે જ પણ આ રકમ તેના કરતાં પણ મોટી છે. તેનો અર્થ એ થાય કે, અમેરિકા હમાસને સૌથી મોટો ખતરો માને છે. આ ખતરાને ખતમ કરવા ગમે તેટલાં નાણાં વેરવા તૈયાર છે.

અમેરિકા હમાસને ગંભીરતાથી લઈ રહ્યું છે તેનું કારણ ઈઝરાયલ સામેના યુધ્ધમાં હમાસે ઝીલેલી ઝીંક છે. સામાન્ય રીતે ઈઝરાયલ પર થતા કોઈ પણ હુમલાનો ઈઝરાયલ પોતે જ જડબાતોડ જવાબ આપી દેતું. ઈઝરાયલ પર ભૂતકાળમાં આરબ દેશો અને પેલેસ્ટાઈની આતંકવાદી સંગઠનોએ હુમલા કર્યા છે પણ લાબું ચાલ્યું નહોતું. ઈઝરાયલ ધડબડાટી બોલાવીને પાંચ-સાત દિવસમાં બધાંને ઠંડા પાડી દેતું. આ વખતે એવું બન્યું નથી તેથી અમેરિકા ખુલ્લંખુલ્લા મેદાનમાં આવ્યું છે. હમાસ સામે ઈઝરાયલ નહીં અમેરિકા લડી રહ્યું છે એ સ્પષ્ટ કરી દીધું છે.

હમાસ સાથેનું ઈઝરાયલ સાથેનું યુધ્ધ લંબાયા જ કરે છે. હમાસે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના દિવસે ઈઝરાયલમાં ઘૂસીને ૧૨૦૦ જેટલા ઈઝરાયલીઓની હત્યા કરી પછી ઈઝરાયલે હમાસના તાબા હેઠળના ગાઝામાં હુમલો કર્યો ત્યારે લાગતું હતું કે અઠવાડિયામાં તો ઈઝરાયલ હમાસનો ખેલ ખતમ કરી નાંખશે પણ આ ધારણા ખોટી પડી છે. હમાસના હુમલાને ત્રણ મહિના પૂરા થઈ ગયા છતાં યુધ્ધ ચાલુ છે.

ઈઝરાયલના હુમલામાં ગાઝામાં ૨૨ હજારથી વધુ લોકો મર્યા છે છતાં હમાસ હથિયાર હેઠાં મૂકવા તૈયાર નથી. તેનું કારણ શું ? એ જ કે આ વખતે હમાસ પૂરી તૈયારી કરીને મેદાનમાં ઉતર્યું છે. જંગમાં લડવા માટે સતત હથિયારો મળ્યા કરે એ જરૂરી છે. સતત હથિયારો મળ્યા કરે એ માટે અને જંગમાં લડી રહેલા સૈનિકોને સાચવવા માટે પણ સતત નાણાંનો પ્રવાહ ચાલુ રહે એ જરૂરી છે. હમાસ ગાઝામાં શાસન કરે છે તેથી ગાઝામાં રહેતાં લોકોને સાચવવા અને શાસન ચલાવવા પણ નાણાં જોઈએ. હમાસ યુધ્ધને ખેંચી રહ્યું છે તેનો મતલબ એ છે કે તેને હથિયારો તથા નાણાં બંનેની કમી નથી. હમાસને મોટા ભાગનાં હથિયાર ઈરાન પાસેથી મળે છે. સીરિયા, લેબેનોન, જોર્ડન વગેરે દેશો પણ મદદ કરે છે. આ સિવાય રશિયા પાસેથી પણ હમાસ શસ્ત્રો ખરીદે છે. રશિયા હમાસ પર દયા ખાઈને શસ્ત્રો નથી આપતું પણ તેના માટે નાણાં ચૂકવવાં પડે છે.

અમેરિકા હથિયારોના સપ્લાયને રોકી શકે તેમ નથી તેથી તેણે હમાસને મળતાં નાણાંનો પ્રવાહ રોકવાની વ્યૂહરચના અમલમાં મૂકી છે. નાણાંનો પ્રવાહ રોકી દેવાય તો આપોઆપ હમાસ ભીંસમાં આવે અને યુધ્ધ રોકવાન ફરજ પડે. હમાસ યુધ્ધ ના રોકે પણ લોકોની જરૂરીયાતો પૂરી ના કરી શકે તો લોકો બગાવત પર ઉતરીને ભાગવા માંડે ને ગાઝા સાવ ખાલી થઈ જાય. ગાઝા ખાલી થઈ જાય તો ઈઝરાયલ પૂરી તાકાતથી ત્રાટકી શકે કેમ કે હમાસનું નિર્દોષ નાગરિકોનું સુરક્ષા કવચ હટી જાય. ટૂંકમાં અમેરિકા હમાસને મળતાં નાણાં બંધ કરાવીને તેની સપ્લાય લાઈન જ કાપી નાંખવા માગે છે.

અમેરિકા ભૂતકાળમાં ઘણા દેશોને આ વ્યૂહરચના દ્વારા ઘૂંટણિયે પાડી ચૂક્યું છે પણ હમાસ ઘૂંટણિયે પડે એ વિશે શંકા છે. તેનું કારણ એ કે, હમાસ ભલે આતંકવાદી સંગઠન હોય પણ એ કામ કોઈ કોર્પોરેટ કંપનીની જેમ કરે છે. મોટા ભાગનાં આતંકવાદી સંગઠનો કટ્ટરવાદીઓનાં દાન, બીજા દેશોની સહાય કે ખંડણી પર નભે છે પણ હમાસે પોતાનું એક બિઝનેસ મોડલ બનાવ્યું છે. આ બિઝનેસ મોડલને ચલાવવા માટે પ્રોફેશનલ લોકોને રાખ્યા છે. હમાસની અલગ અલગ સ્ત્રોતમાંથી સત્તાવાર રીતે થતી આવક ૧૦૦ કરોડ ડોલર (૮૪૦૦ કરોડ રૂપિયા) હોવાનું કહેવાય છે. ગાઝાની વસતી માંડ ૮ લાખની છે. એ જોતાં હમાસને સત્તાવાર રીતે થતી ૧૦૦ કરોડ ડોલરની આવક પણ તેની જરૂરીયાતો કરતાં વધારે છે. હમાસના આતંકી તથા બીજા સભ્યો મળીને ૨૫ હજારની આસપાસ છે. હમાસ તમામને પગાર ચૂકવે છે ને એ રકમ તેને સત્તાવાર આવકમાંથી જ મળી રહે છે.

હમાસને  બિનસત્તાવાર રીતે થતી આવક ૧૦૦૦ કરોડ ડોલર (૮૪,૦૦૦ કરોડ રૂપિયા) હોવાનું કહેવાય છે. આ આવકના અલગ અલગ સ્ત્રોત છે. હમાસ માત્ર આરબ દેશોમાં જ નહીં પણ યુરોપીયન યુનિયન અને અમેરિકામાં પણ જંગી રોકાણ કરીને બેઠું છે. આ રોકાણમાંથી હમાસને દર વર્ષે ૫૦ કરોડ ડોલરથી વધારેની આવક થાય છે. હમાસનું જં કંપનીઓમાં રોકાણ છે એ કંપનીઓ મુસ્લિમ સંગઠનોને દાન આપે ને એ દાન પછી માનવતાના ધોરણે થતી સહાયના રૂપમાં હમાસ પાસે પહોંચે છે. હમાસ સાઉદી અરેબિયા, કતાર, યુએઈ વગેરે બૂમ ઈકોનોમીવાળા દેશોમાં અલગ અલગ પ્રકારના બિઝનેસ જમાવીને બેઠું છે. માઈનિંગ, રીયલ એસ્ટેટ, ઓઈલ, શોપિંગ મોલ્સ વગેરે કાયદેસરના ધંધા સિવાય હમાસ મની લોન્ડરિંગ સહિતના ગેરકાયદેસર પણ આર્થિક જગતમાં સામાન્ય મનાતા ધંધા પણ કરે છે. તેમાંથી તેને સતત આવક થયા કરે છે. આ સિવાય વેસ્ટ બેંક અને ઈજીપ્તથી ગાઝામાં લવાતા માલ-સામાન પરના ટેક્સમાંથી હમાસને ૪૦ કરોડ ડોલરની વાર્ષિક આવક થાય છે.

આ સિવાય હમાસ પાસે દર વર્ષે કરોડ-કરોડ ડોલરની મદદ કરે એવા પાંચસોથી વધારે ધનિક દાતા છે. અમેરિકાનું ટાર્ગેટ આ દાતાઓ છે કેમ કે આ પૈકી મોટા ભાગના અમેરિકા અને યુરોપીયન યુનિયનો સાથે ધંધો કરે છે, ત્યાંથી કમાય છે ને પછી હમાસને આપે છે. અમેરિકાને આ લોકોની માહિતી જોઈએ છે કે જેથી તેમનું નાક દબાવીને હમાસને મળતો નાણાંનો પ્રવાહ રોકી શકાય.

## અમેરિકાને બ્રિટનનો પણ મળ્યો સાથ

# લાલ સમુદ્રમાં અમેરિકાના નિશાને હુતી લૂંટારૂં

**અમેરિકા** બાદ બ્રિટન હવે ઈરાનના હુતી બળવાખોરો સામે લાલ સમુદ્રમાં ઉતરવાની યોજના બનાવી છે. હુતી વિદ્રોહીઓ લાલ સમુદ્રમાં સતત દરિયાઈ જહાજોને નિશાન બનાવી રહ્યા છે, જેને ધ્યાનમાં રાખીને બ્રિટન હવે અમેરિકાની આગેવાની હેઠળની સૈન્ય કાર્યવાહીમાં જોડાયુ છે. બ્રિટન સરકાર તરફથી કરવામાં આવેલી કાર્યવાહી મર્યાદિત અને નોંધપાત્ર છે. હુતી વિદ્રોહીઓ લાલ સમુદ્રના શિપિંગ લેનમાં ઈઝરાયેલના જહાજો પર વારંવાર હુમલો કરી રહ્યા છે. તેમને ઈરાન તરફથી સમર્થન મળ્યું છે. હુતીઓનું કહેવું છે કે, તેઓ પેલેસ્ટાઈનના સમર્થનમાં છે અને તેથી જ તેઓ ઈઝરાયેલના જહાજોને નિશાન બનાવી રહ્યા છે. 7 ઓક્ટોબરે હમાસના હુમલા બાદથી ઈઝરાયેલ ગાઝા પર સતત બોમ્બમારો કરી રહ્યું છે. જેનુ પરિણામ લાલ સમુદ્રમાં પણ જોવા મળી રહ્યુ છે.



લાલ સમુદ્ર વિશ્વના મુખ્ય વેપાર માર્ગોમાંથી એક છે. વૈશ્વિક વેપારનો 12 ટકા આ માર્ગ પરથી પસાર થાય છે. હુતી બળવાખોરોની ધમકીને ધ્યાનમાં રાખીને, અમેરિકાને લાલ સમુદ્રમાં બહુરાષ્ટ્રીય નેવલ ટાસ્ક ફોર્સની સ્થાપના કરવી પડી. એડનના અખાતમાંથી લાલ સમુદ્ર સુધી પહોંચવા માટે અત્યંત પાતળી બાબ અલ-મંડેબ સ્ટ્રેટમાંથી પસાર થવું પડે છે, જ્યાં હુતી બળવાખોરો સક્રિય છે. લાલ સમુદ્રમાંથી જહાજો પછી સુએઝ કેનાલમાં જાય છે. યુરોપ અને એશિયાના બજારોને જોડતો આ મુખ્ય દરિયાઈ માર્ગ છે. હુતી બળવાખોરોએ અગાઉ પણ હુમલાઓ કર્યા છે, જેના કારણે અનેક જહાજોને નુકસાન થયું છે. હુમલાઓને ધ્યાનમાં રાખીને, ઘણી શિપિંગ કંપનીઓએ જહાજોને બાબ અલ-મંડેબ સ્ટ્રેટમાંથી પસાર ન થવાનો આદેશ આપ્યો છે. કેટલીક મોટી શિપિંગ કંપનીઓ હુતીઓને ટાળવા માટે તેમના જહાજોને આફ્રિકા તરફ ડાયવર્ટ કરી રહી છે જેના કારણે મુસાફરીના સમય અને ખર્ચમાં વધારો કરે છે. આ પહેલા અમેરિકાએ હુતી વિદ્રોહીઓ પર જોરદાર હુમલો કર્યો હતો. જેમા હુતી બળવાખોરોની ત્રણ બોટ ડૂબી અને 10 હુતી બળવાખોર માર્યા ગયા હતા.




આમ જોઈએ તો વારંવાર હુતી બળવાખોર લાલ સમુદ્રમાં માલવાહક જહાજોને નિશાન બનાવે છે. પરંતુ તેની સામે કરવામાં આવતી કાર્યવાહી સિમિત જ હોય છે. તેની સામે કોઈપણ પ્રકારની નક્કર કાર્યવાહી આજ સુધીમાં કરવામાં આવી નથી. તે થવી જોઈએ અને તેને અમેરિકા સહિતના દેશો સાથે મળીને કરી શકે છે.





## Gadgets ગુરૂ

### Vivo X100 સિરીઝ 63,999ની કિંમતે લોન્ચ

ચીની ટેક કંપની Vivo એ Vivo x100 સિરીઝનો સ્માર્ટફોન ભારતીય માર્કેટમાં લોન્ચ કર્યો છે. આ સિરીઝમાં, કંપનીએ 2 સ્માર્ટફોન Vivo X100 અને Vivo X100-Pro લોન્ચ કર્યા છે. Vivo x100 સિરીઝના બંને સ્માર્ટફોનમાં MediaTek ડાયમેન્શન 9300 પ્રોસેસર છે. કંપનીએ એક સ્ટોરેજ વેરિઅન્ટમાં Vivo X100-Pro અને બે સ્ટોરેજ વેરિઅન્ટમાં Vivo X100 લૉન્ચ કર્યા છે. સ્માર્ટફોનની પ્રારંભિક કિંમત 63,999 છે.

- 120Hz રિફ્રેશ રેટ
- 6.78 ઈંચની AMOLED વક્ર ડિસ્પ્લે
- 50MP+50MP+64MPનો ટ્રિપલ કેમેરા
- 12GB + 256GB સ્ટોરેજ
- 16GB + 512GB સ્ટોરેજ

# અયોધ્યામાં 22મીએ રામજન્મ ભૂમિ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા, વિદેશમાં ઉત્સાહનો માહોલ










## હ્યુસ્ટનમાં હિન્દુ-અમેરિકને સુદીર્ઘ કાર-રેલી યોજી, 22મીએ અનેક કાર્યક્રમો


■ હાઉસ્ટન

હિન્દુ-અમેરિકન સમાજે રવિવારે હાઉસ્ટનથી એક વિશાળ કાર રેલી યોજી અયોધ્યામાં થનારી ભગવાન શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા પૂર્વે તેની ભવ્ય ઉજવણી કરી હતી અને હાઉસ્ટનમાં રહેલા ૧૧ મંદિરોમાં પણ દર્શનો કર્યા હતાં. ૫૦૦ થી વધુ કાર-રાઈડર્સે ૨૧૬ મોટરમાં બેસી જયશ્રી રામનાં સૂત્રો ઉચ્ચારતા હતા. તેઓની સાથે ભગવાન શ્રીરામ અને અયોધ્યા મંદિરની છબી ધરાવતા ભગવા ઝંડાઓ હતા. સાથે ભારતના અને અમેરિકાના રાષ્ટ્ર ધ્વજો પણ હતા. આ રેલીને હાઉસ્ટન સ્થિત મીનાક્ષી મંદિરના વિદ્વાન આચાર્ય જુગલ મલાનીએ લીલી ઝંડી ફરકાવી વિદાય આપી હતી. તે પછી તે રેલી રીચમોન્ડ સ્થિત શારદામ્બા મંદિર સુધી પહોંચી હતી. આ રેલીની પૂર્વે કેટલાક ટ્રક પણ ચાલતા હતા. આ રેલી છ કલાક ચાલી હતી. તે ૧૦૦ માઈલ ગઈ હતી જે દરમ્યાન તે ૧૧ મંદિરો પાસે પણ અટકી હતી. જ્યાં શ્રદ્ધાળુઓએ દર્શન પણ કર્યા હતાં. આ રેલી જ્યારે રીચમન્ડના શ્રી શારદામ્બા મંદિરે પહોંચી ત્યારે ૨૦૦૦ જેટલા ભારતીઓએ તેનું સ્વાગત કર્યું હતું. તે ભારતીઓના સમુહમાં બાળકો પણ હતાં. વૃદ્ધો અને મહિલાઓ પણ મોટી સંખ્યામાં હતા. તેઓએ ભજન કીર્તન સાથે આ કાર રેલીનું સ્વાગત કર્યું હતું. આ સિવાય 22મી જાન્યુઆરીએ અનેક શહેરોમાં મોટા-મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનારું છે.જેને જોતાં એવું કહી શકાય કે અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા છે પરંતુ વિદેશમાં ઉત્સાહનો માહોલ છે.

# હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃતકના પરિવારને રાહત

## 800 કરોડ રૂપિયાનુ વળતર આપવાનો આદેશ કર્યો

■ લાસ વેગાસ



અમેરિકામાં 2018માં એક હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયુ હતુ અને તેમાં પાંચ બ્રિટિશ નાગરિકોના મોત થયા હતા. હવે પાંચમાંથી એક નાગરિકના પરિવારને વળતર તરીકે 100 મિલિયન ડોલર એટલે કે લગભગ 800 કરોડ રૂપિયા મળશે. 2018માં નેવાટાના બાઉલ્ડર શહેરમાં બ્રિટિશ નાગરિક જોનાથન અને એલી મિલવર્ડ ઉડાલ મુસાફરી કરવા માટે બીજા ત્રણ લોકો સાથે બેઠા હતા. તેમનુ હેલિકોપ્ટર ગ્રાન્ડ કેન્યોન ઉપરથી પસાર થઈ રહ્યુ હતુ ત્યારે હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયુ હતુ અને જોનાથન સહિત પાંચ લોકોના મોત થયા હતા. જોનાથનના પરિવારનો આરોપ હતો કે, હેલિકોપ્ટર મુસાફરી માટે સુરક્ષિત નહોતુ. કારણકે તેની ફ્યુલ ટેન્ક હેલિકોપ્ટર ક્રેશ થાય તો તેનો આઘાત ખમવા માટે સક્ષમ નહોતી. પરિવારના વકીલે કહ્યુ હતુ કે, હેલિકોપ્ટર બનાવનાર કંપનીને પણ ફ્યુલ ટેન્કની નબળાઈની ખબર હતી. હેલિકોપ્ટર ક્રેશ થયુ ત્યારે ટાંકી તુટી ગઈ હતી અને તેમાં રહેલુ ફ્યુલ પેસેન્જર્સ પર ઢોળાયુ હતુ.


# અમેરિકામાં ટેકઓફ થતાં જ પ્લેનની બારી તૂટી, 17 હજાર ફૂટની ઉંચાઈએ વિમાનમાં થઈ દુર્ઘટના

## બારી પાસે બેઠેલા બાળકનું શર્ટ ફાટ્યું, એરલાઈન્સમાં દુર્ઘટના સમયે હતા 177 મુસાફરો

■ અલાસ્કા

અમેરિકામાં અલાસ્કા એરલાઇન્સની બોઈંગ 737-9 મેક્સ ફ્લાઈટ સાથે શનિવારે મોટો અકસ્માત ટળી ગયો હતો. ટેકઓફના થોડા સમય બાદ પ્લેનની બારી 17,000 ફૂટની ઊંચાઈએ તૂટીને હવામાં ઊડી ગઈ હતી. આ પછી પ્લેનનું ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. પ્લેન પોર્ટલેન્ડથી કેલિફોર્નિયાના ઓન્ટારિયો જઈ રહ્યું હતું. સ્થાનિક સમય અનુસાર, આ ઘટના શુક્રવારે સાંજે લગભગ 5 વાગ્યાની આસપાસ બની હતી. બારી તૂટી જતાં બાજુની સીટ પર બેઠેલા બાળકનું શર્ટ પણ ફાટી ગયું હતું. કેટલાક મુસાફરોના ફોન પણ હવામાં ઊડી ગયા હતા. પ્લેન લગભગ 16.32 હજાર ફૂટની ઊંચાઈ પર હતું. આ પછી ટેકઓફના અડધા કલાકમાં પ્લેનનું પોર્ટલેન્ડમાં ઈમર્જન્સી લેન્ડિંગ થયું. આ દરમિયાન વિમાનમાં લગભગ 171 મુસાફર અને 6 ક્રૂ-મેમ્બર સવાર હતા. અલાસ્કા એરલાઈન્સે તેના સોશિયલ મીડિયા પેજ પર આ ઘટનાની માહિતી આપી છે.

ડેઈલી મેઈલના રિપોર્ટ અનુસાર, પ્લેનના પાઈલટે બારી તૂટી જતાં જ ઈમર્જન્સી જાહેર કરી દીધી હતી. ઓડિયો રેકોર્ડિંગમાં પાઈલટ એર ટ્રાફિક કંટ્રોલને લેન્ડિંગ વિશે પૂછતાં સાંભળવામાં આવે છે. પાઈલટે કહ્યું- અલાસ્કામાં 1282 ઈમર્જન્સી છે. અમે પોર્ટલેન્ડ પરત ફરી રહ્યા છીએ. હવે અમે 12,000 ફૂટની ઊંચાઈએ પહોંચી ગયા છીએ.



# અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ દુર્ઘટનામાં માંડ માંડ બચ્યા

## ખતરનાક બરફના તોફાનમાં ફસાઈ ગયું હતું પ્લેન

■ વોશિંગ્ટન

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસનું વિમાન ખતરનાક તોફાનમાં ફસાઈ ગયું છે. તે નસીબદાર છે કે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને કંઈ થયું નથી. મોટી દુર્ઘટના ટળી હતી. ખતરનાક વાવાઝોડામાં ફસાયા બાદ પ્લેનને વોશિંગ્ટન વિસ્તારના એરપોર્ટ તરફ વાળવાની ફરજ પડી હતી. જ્યારે આ ઘટના બની ત્યારે હેરિસ જ્યોર્જિયાના પ્રવાસેથી પરત ફરી રહ્યો હતો. યુએસ વાઈસ પ્રેસિડેન્ટના પ્રેસ સેક્રેટરી કર્સ્ટન એલેને એક નિવેદનમાં જણાવ્યું હતું કે મંગળવારે રાત્રે ખરાબ હવામાનને કારણે પ્લેન જીએ એરફોર્સ 2ને જોઈન્ટ બેઝ એન્ડ્રુઝથી ડ્યુલ્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફ વાળવામાં આવ્યું હતું. APએ અહેવાલ આપ્યો છે કે, પ્લેનને વિન્ડ શીયરનો સામનો કરવો પડ્યો હતો, આ બાબતથી પરિચિત વ્યક્તિએ તેની ચર્ચા કરવા માટે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. જેના કારણે અરાજકતાનો માહોલ સર્જાયો હતો. જોકે કોઈને ઈજા થઈ ન હતી.



### જ્યોર્જિયાના પ્રવાસેથી આવતાં સમયે સર્જાઇ મુશ્કેલી


વિમાનમાંથી ઉતર્યા બાદ ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે કહ્યું, 'હું ઠીક છું, અમે બધા સુરક્ષિત છીએ.' નોંધનીય છે કે વિન્ડ શીયર એટલે પવનની દિશામાં અથવા ગતિમાં અચાનક ફેરફાર જે ટેક-ઓફ અને લેન્ડિંગ દરમિયાન ખતરનાક બની શકે છે. આ પહેલા વર્ષ 2021માં કમલા હેરિસના પ્લેનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે પ્લેનને મેરીલેન્ડના જોઈન્ટ બેઝ એન્ડ્ર્યુ પરત ફરવું પડ્યું હતું. જો કે, તે પછી પણ તેની સુરક્ષા માટે કોઈ મોટો ખતરો નહોતો. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. દરમિયાન રાજકીય માહોલ ગરમાયો છે. તાજેતરમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસની પ્રશંસા કરી હતી. ટ્રમ્પે એક રેડિયો કાર્યક્રમમાં કહ્યું કે હેરિસ તેમના બોસ જો બાઈડેન કરતાં વધુ સારા રાષ્ટ્રપતિ સાબિત થશે. તેમણે કહ્યું કે અમેરિકાના ઈતિહાસમાં બાઈડેનથી ખરાબ કોઈ રાષ્ટ્રપતિ નથી.

### અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને પોતે ભલામણ કરી

# WHOના બોર્ડમાં ભારતીયનો વાગશે ડંકો, ડૉ. વિવેક મૂર્તિનો પ્રસ્તાવ મોકલ્યો

■ વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના બોર્ડમાં ભારતીય મૂળના ડૉક્ટરને સામેલ કરવાનો નિર્ણય લીધો છે. બિડેને સેનેટમાં સર્જન જનરલ ડૉ. વિવેક મૂર્તિને WHO ના બોર્ડમાં અમેરિકાના પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો છે. બિડેને આ અંગેનો પ્રસ્તાવ અમેરિકી સંસદ સેનેટને મોકલ્યો છે. જ્યારે ડબ્લ્યુએચઓના એક્ઝિક્યુટિવ બોર્ડમાં ડૉ. વિવેક મૂર્તિનું નામ સામેલ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. 46 વર્ષીય ડૉ. વિવેક મૂર્તિનું નામ ફરી મોકલવામાં આવ્યું છે. WHO ના એક્ઝિક્યુટિવ બોર્ડમાં ડૉ. મૂર્તિને જોડાવાની દરખાસ્ત ઑક્ટોબર 2022થી પેન્ડિંગ છે. વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર ડૉ.મૂર્તિ અમેરિકાના પ્રથમ ભારતીય મૂળના સર્જન જનરલ છે.



### કોણ છે ડૉ.વિવેક મૂર્તિ?

ડૉ.મૂર્તિ મૂળ કર્ણાટકના છે. તેમના પૂર્વજો ઈંગ્લેન્ડમાં સ્થાયી થયા હતા. ડૉ. મૂર્તિનો જન્મ યોર્કશાયરના હડર્સફિલ્ડમાં થયો હતો. તે પછી તેનો પરિવાર કેનેડાના ન્યુફાઉન્ડલેન્ડમાં સ્થાયી થયો. ડૉ.મૂર્તિ ત્રણ વર્ષના હતા ત્યારે તેમનો પરિવાર અમેરિકાના મિયામીમાં સ્થાયી થયો હતો. મિયામીમાં અભ્યાસ કર્યા પછી, તેણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા. આ પછી તેણે યેલ સ્કૂલ ઑફ મેડિસિન અને યેલ સ્કૂલ ઑફ મેનેજમેન્ટમાંથી વધુ ડિગ્રીઓ મેળવી. તેઓ તેમની પત્ની ડૉ. એલિસ ચેન અને બે બાળકો સાથે વોશિંગ્ટનમાં રહે છે.

## અમેરિકામાં ભારતીય મૂળના પ્રથમ સર્જન જનરલ છે મૂર્તિ

માર્ચ 2021માં ડૉ. વિવેક મૂર્તિના નામને અમેરિકાના 21મા સર્જન જનરલ તરીકે મંજૂરી આપવામાં આવી હતી. આ પહેલા તેઓ બરાક ઓબામાના પ્રેસિડેન્ટ દરમિયાન 19મા સર્જન જનરલ પણ રહી ચૂક્યા છે. વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર ડૉ.મૂર્તિ અમેરિકાના પ્રથમ ભારતીય મૂળના સર્જન જનરલ છે. સર્જન જનરલને દેશના ટોચના ડૉક્ટર ગણવામાં આવે છે. સર્જન જનરલની જવાબદારી દેશ માટે શ્રેષ્ઠ આરોગ્ય નીતિ તૈયાર કરવાની છે. વ્હાઈટ હાઉસે કહ્યું કે રાષ્ટ્રપતિ જો બિડેને હાલમાં જ સેનેટને એક પ્રસ્તાવ મોકલ્યો છે, જેમાં ડૉ. વિવેક મૂર્તિના નામનો ઉલ્લેખ છે. સાર્જન્ટ જનરલ હોવાની સાથે, ડૉ. મૂર્તિ યુએસ પબ્લિક હેલ્થ સર્વિસ કમિશન્ડ કોર્પ્સના વાઈસ એડમિરલ પણ છે. તેમાં છ હજારથી વધુ આરોગ્ય અધિકારીઓ છે, જેઓ ડૉ. મૂર્તિના નેતૃત્વમાં કામ કરે છે. યેલો મેડિકલ સ્કૂલમાંથી સ્નાતક મૂર્તિને વર્ષ 2014માં રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ સર્જન જનરલ તરીકે નિયુક્ત કર્યા હતા. તેઓ પબ્લિક હેલ્થ સર્વિસ કમીશન કોરમાં વાઈસ એડમિરલ પણ રહી ચુક્યા છે. વિવેક મૂર્તિ અમેરિકાના કોરોના એડવાઈઝરી બોર્ડના ત્રણ સભ્યો પૈકીના એક હતા.2014માં ઓબામા સરકારમાં તેમણે સર્જન જનરલનો હોદ્દો સંભાળ્યો હતો.એ પછી જોકે ટ્રમ્પ સરકારમાં તેમણે આ હોદ્દો છોડી દીધો હતો.

## 2025માં ચંદ્ર પર યાનમાં એસ્ટ્રોનોટ્સને મોકલાશે

### આર્ટેમિસ-2 મિશનનો ભાગ હશે 4 એસ્ટ્રોનોટ્સ

■ ન્યૂયોર્ક



અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ સપ્ટેમ્બર 2025માં ચંદ્ર પરના આર્ટેમિસ-2 મિશન માટે અવકાશયાત્રીઓની પસંદગી કરી છે. આ છે કેનેડિયન સ્પેસ એજન્સીના જેરેમી હેન્સન, નાસાના ક્રિસ્ટીન કોચ, વિક્ટર ગ્લોવર અને રીડ વાઈઝમેન. આ ચારેય આર્ટેમિસ-2 મિશનનો ભાગ હશે. જે ચંદ્રની આસપાસ ફરશે અને પૃથ્વી પર પરત ફરશે. જ્યારે સપ્ટેમ્બર 2026 માં આર્ટેમિસ-III મિશન મોકલવામાં આવશે, ત્યારે અવકાશયાત્રીઓ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરશે. આ પછી વર્ષ 2028 માં મિશન આર્ટેમિસ-IV જશે, જે ચંદ્ર પર ગેટવે લુનાર સ્પેસ સ્ટેશનનું નિર્માણ કરશે. નાસાના પ્રશાસક બિલ નેલ્સને કહ્યું કે આ વખતે આપણે જે રીતે ચંદ્ર પર જઈ રહ્યા છીએ તે પહેલા ક્યારેય બન્યું નથી. પરંતુ આ મિશન પહેલા, આપણા અવકાશયાત્રીઓની સુરક્ષા અત્યંત મહત્વની છે. તેથી, તમામ મિશનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. જો પ્રારંભિક મિશન સફળ થશે તો અમારા આંતરરાષ્ટ્રીય અને વેપાર કરારોને પણ મદદ મળશે.

## USના સંરક્ષણ મંત્રી લોઈડ ઓસ્ટિનને પ્રોસ્ટેટ કેન્સર

### ફરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

■ વોશિંગ્ટન



અમેરિકાના સંરક્ષણ પ્રધાન લોઈડ ઓસ્ટિન પ્રોસ્ટેટ કેન્સર સામે ઝઝૂમી રહ્યા છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા, જેના કારણે તાજેતરમાં તેમને અચાનક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. બાદમાં ચેકઅપ બાદ તેને કેન્સરની ખબર પડી. રિપોર્ટ અનુસાર ગયા વર્ષે ડિસેમ્બરમાં તેમને કેન્સર હોવાનું નિદાન થયું હતું. ત્યારપછી તબિયત ખરાબ હોવાને કારણે તેની મામૂલી સર્જરી કરવી પડી હતી. આ સર્જરી બાદ તે ઘરે પરત ફર્યો હતો. પરંતુ બાદમાં ઈન્ફેક્શનને કારણે તેમની તબિયત વધુ બગડતાં તેમને ફરી એકવાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે અમેરિકાના વોલ્ટર રીડ નેશનલ મિલિટરી મેડિકલ સેન્ટરમાં દાખલ છે. અહીંના તબીબોનું કહેવું છે કે પ્રોસ્ટેટ કેન્સરની સર્જરી બાદ જટિલતાઓ વધી જતાં અમેરિકાના સંરક્ષણ મંત્રી લોયડ ઓસ્ટિનને દાખલ કરવામાં આવ્યા હતા. ઓસ્ટિન છેલ્લા ઘણા દિવસોથી હોસ્પિટલમાં દાખલ હતા. ઓસ્ટીને બાદમાં સ્વીકાર્યું કે તેણે વ્હાઈટ હાઉસને સમયસર જાણ કરી ન હતી.

## NEWS FILE

### વ્હાઈટ હાઉસની સુરક્ષામાં ચૂક, કાર અથડાવનારની ધરપકડ





વોશિંગ્ટનઃ અમેરિકન પ્રમુખના સત્તાવાર નિવાસ્થાન વ્હાઈટ હાઉસની સુરક્ષામાં મોટી ચૂક થયાના અહેવાલ સામે આવી રહ્યા છે જેમાં રાત્રે વ્હાઈટ હાઉસના ગેટ સાથે એક કાર ભયાનક રીતે અથડાઈ હતી. જો કે હાલ આ દુર્ઘટનામાં કોઈ નુકસાનના સમાચાર મળ્યા નથી. હજુ ગયા મહિને જ અમેરિકન પ્રમુખ જો બાઈડેનની સુરક્ષામાં ચૂક થઈ હોવાની ઘટના બની હતી ત્યારે હવે વ્હાઈટ હાઉસ પરિસરના ગેટ પર એક કારની જોરાદર ટક્કર થઈ હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર હાલ અકસ્માત સર્જનાર ડ્રાઈવરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને આ ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

### અમેરિકાના ઈતિહાસમાં પહેલી વખત આટલી ક્રૂર સજા અપાશે

ન્યૂયોર્કઃ અમેરિકાથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહીં અલાબામા રાજ્યમાં રહેતા એક ગુનેગારને મોતની એવી સજા આપવામાં આવી છે, જેની દુનિયાભરમાં ચર્ચા થઈ રહી છે. અલબામામાં ફેડરલ જજે આ વ્યક્તિને નાઈટ્રોજન ગેસ દ્વારા મૃત્યુદંડને મંજૂરી આપી છે. જો અદાલતના આ નિર્ણયને રોકવામાં નહીં આવે તો આ આધુનિક અમેરિકાના ઈતિહાસની સૌથી પહેલી ક્રૂર સજા ગણાશે. આ સજા જેને અપાઈ છે તેનું નામ કેનેથ યુજિન સ્મિથ છે. તેના પર વર્ષ 1988માં કોઈ પાદરીના કહેવાથી એક મહિલાની હત્યાનો આરોપ છે.

### અમેરિકી કોર્ટે નિખિલ ગુપ્તા વિરુદ્ધ પુરાવા માંગ્યા




ન્યૂયોર્કઃ અમેરિકામાં ખાલિસ્તાની આતંકવાદી ગુરુપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં નિખિલ ગુપ્તાને ચેક રિપબ્લિકથી અમેરિકા લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. દરમિયાન યુએસ કોર્ટે સરકારી વકીલોને ગુપ્તા સામેના આરોપો સામે પુરાવા આપવાનો આદેશ આપ્યો છે, જેના આધારે ચેક રિપબ્લિક પાસેથી તેના પ્રત્યાર્પણની માંગ કરવામાં આવી રહી છે. 4 જાન્યુઆરીએ નિખિલ ગુપ્તાના વકીલોએ યુએસ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આમાં, કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી કે તેઓ તેમને પુરાવા પ્રદાન કરે જેના આધારે ગુપ્તા પર પન્નુની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ છે.

# ઇઝરાયલ આરબ દેશો સાથેના સંબંધો સુધારે: અમેરિકા

### USએ કહ્યું- ઈઝરાયલ માટે આ યોગ્ય તક છે

### લેબનોનમાં હિઝબુલ્લાહનો ડ્રોન ચીફ માર્યો ગયો

■ તેલ અવીવ

અમેરિકાએ ઈઝરાયલને આરબ દેશો સાથે સંબંધો સુધારવાની સલાહ આપી છે. મિડલ ઈસ્ટના પ્રવાસે ગયેલા અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન મંગળવારે તેલ અવીવ પહોંચ્યા હતા. અહીં તેમણે ઈઝરાયલના અધિકારીઓ સાથે લાંબી વાતચીત કરી હતી. આ દરમિયાન, બ્લિંકને કહ્યું- ઈઝરાયલ માટે આ યોગ્ય તક છે જ્યારે તે આરબ દેશો સાથેના સંબંધો સુધારી શકે છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધ વચ્ચે ઈઝરાયલની સેનાએ પણ હિઝબુલ્લા પર હુમલા તીવ્ર કર્યા છે. મંગળવારે આ હુમલામાં હિઝબુલનો વધુ એક કમાન્ડર માર્યો ગયો છે.

ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચેના સંબંધો સુધારવા માટે અમેરિકા સતત પ્રયાસ કરી રહ્યું છે. સપ્ટેમ્બર 2023માં રાષ્ટ્રપતિ જો બાઈડેને સ્પષ્ટપણે કહ્યું હતું કે તેઓ તેમના કાર્યકાળ દરમિયાન ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચે નોર્મલ ડિપ્લોમેટિક સંબંધો ઈચ્છે છે. બાઈડેને આ મામલે સાઉદી અરેબિયાનું ખાસ નામ લીધું હતું.

### અમેરિકાની મધ્યસ્થીથી ઈઝરાયલ અને સઉદી વચ્ચે સારા સંબંધો સ્થપાયા




એન્ટની બ્લિંકને આ દિશામાં સંકેત આપ્યા અને સારા સંબંધો માટે ઈઝરાયલ પહેલ કરે તેના પર ભાર મૂક્યો. તેમણે કહ્યું- આરબ દેશોમાં શાંતિની ખૂબ જ જરૂર છે અને હું ઈચ્છું છું કે ઈઝરાયલ અરબ દેશો સાથે તેના સંબંધો સુધારે. તેમની પાસે ઘણી સારી તક પણ છે, કારણ કે આરબ દેશો પણ નથી ઈચ્છતા કે આ વિસ્તારમાં વારંવાર યુદ્ધની સ્થિતિ સર્જાય. બ્લિંકને સ્વીકાર્યું હતું કે આરબ દેશો ઈચ્છે છે કે ઈઝરાયલ પહેલા ગાઝા પરના હુમલા બંધ કરે અને હમાસ સાથેના યુદ્ધનો અંત લાવે જે 7 ઓક્ટોબરથી ચાલી રહ્યું છે. તેમણે કહ્યું- અમે ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી છે.

## વાયબ્રન્ટ ગુજરાત સમિટ 2024

# ભારત વિશ્વમાં મિત્રની ભૂમિકામાં આગળ વધી રહ્યું છે અને આગળ વધતું રહેશે: PM

## યંગ જનરેશન સાથે ભાગીદારી નવી તક આપશે: PM મોદી

**ગાંધીનગર: ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 10મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. જેમાં 34 દેશો અને 16 સંસ્થાઓએ ભાગ લીધો આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સહિત બિઝનેસ પ્રતિનિધિમંડળ, રાજદ્વારીઓ, વીઆઈપી મહાનુભાવો સહિત 25 હજારથી વધુ ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા.**




### આગામી 25 વર્ષમાં ભારતને વિકસિત બનાવવાનું લક્ષ્ય : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં મહાત્મા મંદિરના કન્વેન્શન હોલમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું ઉદ્ઘાટન કર્યું હતું અને આ દરમિયાન તેમણે સમિટમાં ભાગ લેનાર લોકોને સંબોધિત પણ કર્યા હતા. જેમાં તેમણે કહ્યું હતું કે ભારતે આઝાદીના 75 વર્ષની ઉજવણી કરી ત્યારે હવે આગામી 25 વર્ષ માટે તૈયારી કરી રહ્યું છે અને આઝાદીના 100 વર્ષ પૂરા થાય ત્યાં સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું અમારું લક્ષય છે. તેથી 25 વર્ષનો આ સમયગાળો ભારતનો અમૃતકાળ છે.

### આફ્રિકન યુનિયનને સ્થાયી સદસ્યતા

વાયબ્રન્ટ સમિટ ગ્લોબલ સમિટ બની ગઈ છે, ઘણી મહત્વની સમજૂતી કરી છે. પોર્ટ ડેવલોપમેન્ટ માટે UAE સાથે કરાર થઈ છે. ગિફ્ટ સિટીમાં ઓપરેશન શરૂ થવાના છે, UAEના રાષ્ટ્રપતિને જાય છે. ભારત માટે ગર્વની બાબત છે કે આફ્રિકન યુનિયનને સ્થાયી સદસ્યતા મળી છે.

### અતિથિ દેવો ભવ

આ ભારત અને આફ્રિકા વચ્ચે મિત્રતાનું પ્રતિક છે. ચેક રિપબ્લિકના પ્રધાનમંત્રીનું આ હોદ્દા સાથે આવવું મોટી બાબત છે. ભારત ચેક રિપબ્લિક સાથે ઘણા સમયથી જોડાયેલું છે. અમારે ત્યાં કહેવાય છે અતિથિ દેવો ભવ... તમે ખૂબ સારી યાદો લઈને અહીંથી જશો.

### ભારત વિશ્વમાં મિત્રની ભૂમિકામાં આગળ

આ વખતની વાયબ્રન્ટ સમિટની થીમ છે 'ગેટ વે ઓફ ધ ફ્યુચર', વિતેલા 20 વર્ષમાં આ સમિટે નવા આઈડિયાને પ્લેટફોર્મ આપ્યું છે. નવા ઈન્વેસ્ટમેન્ટ નવો ગેટ વે બનાવ્યો છે. વન વર્લ્ડ વન ફેમેલી વન ફ્યુચર સાથે ભારત ચાલી રહ્યું છે. ભારત વિશ્વમાં મિત્રની ભૂમિકામાં આગળ વધી રહ્યું છે. ભારત વિશ્વમિત્રની ભૂમિકામાં આગળ વધી રહ્યું છે. ભારની પ્રતિબદ્ધતા અને પ્રયાસ વર્લ્ડને સુંદર બનાવી રહ્યું છે.

### પાંચ કમિટમેન્ટ

1 રિલાયન્સ ગુજરાતના વિકાસમાં સતત રોલ ભજવશે. ગ્રીન ગ્રોથમાં પણ ગુજરાતને સપોર્ટ કરીશું. આ માટે રિલાયન્સના ગ્રીન બિલ્ડીંગ જામનગરમાં બનાવવાની શરૂઆત કરી છે. ગ્રીન પ્રોડક્ટ બનાવીશું. 2 વિશ્વભરમાં રિલાયન્સ જીયો એ સૌથી મોટું નેટવર્ક સ્થાપી ચૂક્યું છે. ગુજરાતમાં 5જી ઉપલબ્ધ છે. 5જી માં એ.આઈ. ટેક્નોલોજી ગુજરાતના વિકાસમાં મદદ કરશે. 3 રિલાયન્સ રીટેઈલ ક્વોલિટી પ્રોડક્ટ બનાવે છે જેમાં વધારે સારી સર્વિસ આપીશું. 4 રિલાયન્સ કાર્બન ફાઈબર ફેસિલીટી 5 પ્રધાનમંત્રીએ ગુજરાતમાં ઓલમ્પિકની જાહેરાત કરી છે તે માટે એજ્યુકેશન, સ્પોર્ટસ અને સ્કીલ ઈન્ફ્રાસ્ટ્રકટર બનાવવા માટે સપોર્ટ કરીશું.

### થોડા વર્ષોમાં ભારત ટોચની ત્રણ અર્થવ્યવસ્થા બની જશે : PM જોકે હજુ પણ ભારત સતત આગળ વધે તેવું મારું સપનું છે




ગાંધીનગર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ 2024માં નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે ભારતને વિકસિત બનાવવાનો હેતું છે અને આ નવા સપના અને સંકલ્પનો સમય છે. ભારત અને યુએઈના સંબંધો વિશે બોલતા જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો મજબૂત થયા છે. આ સિવાય તેમણે કહ્યું કે આજે દેશના દરેક ક્ષેત્રમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે અને આગામી થોડા વર્ષોમાં ભારત ટોચની ત્રણ અર્થવ્યવસ્થા બની જશે. છેલ્લા 10 વર્ષમાં ભારતે ઘણી પ્રગતિ કરી છે. આજે ભારતમાં 1 લાખ 15 હજાર રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ્સ છે અને દેશમાં 149 એરપોર્ટ છે. આ સિવાય વડાપ્રધાન મોદીએ કહ્યું કે તમારા સપના એ મોદીનો સંકલ્પ છે. તમારા સપના જેટલા મોટા હશે તેટલો જ મારો સંકલ્પ પણ મોટો હશે.




### UAEના પ્રેસિડેન્ટે મોટા જાહેર મંચ પર પહેલીવાર સંબોધન કરી ચોંકાવ્યા

UAEના શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સામાન્ય રીતે મોટા જાહેર મંચો પર ક્યારેય બોલતા નથી. તેમણે UAE દ્વારા આયોજિત COP-28 સમિટમાં પણ વાત કરી ન હતી, પરંતુ તેમણે વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાષણ આપ્યું. ભારત અને UAE વચ્ચેના ગાઢ સંબંધો અને PM મોદી અને MBZ વચ્ચેનું કેમિસ્ટ્રી એ બીજું પ્રદર્શન છે.



**વાયબ્રન્ટ સમિટમાં ગૌતમ અદાણીનું સંબોધન:** 10માં વાયબ્રન્ટ સમિટનો ભાગ બનવું એ સારી બાબત છે. 2014થી ભારતનો જીડીપી અને પર કેપિટલ ઈન્કમ વધી છે. સોલર એનર્જી પ્લેટફોર્મ અને જી-20ની લીડરશીપે એક બેન્ચ માર્ક સેટ કર્યો છે. પ્રધાનમંત્રીજી, તમે ભવિષ્ય ભાખતા નથી પણ તેને આકાર આપો છો. 2025 સુધીમાં 55 હજાર કરોડનું રોકાણ કરવાનું કહ્યું હતું જેમાં લગભગ 50 હજાર કરોડનું રોકાણ તો થઈ ગયું છે.



**સમિટમાં રિલાયન્સના CMD મુકેશ અંબાણીનું સંબોધન** કોઈ એવી સમિટ નથી જે આટલા સમય સુધી સતત ચાલતી રહી હોય. કેટલાંક લોકો પૈકી હું એવો છું જે દરેક સમિટમાં ભાગ લઈ શક્યો છું. હું ગુજરાતના શહેરમાંથી છું. મને ગુજરાતી હોવાનું અભિમાન છે. મોદી હૈ તો મુમકીન હૈનો અર્થ શું છે એમ મારા વિદેશના મિત્રો પુછે છે તો હું કહું છું કે, ભારતના પ્રધાનમંત્રી વિઝન કરી અને તેનું અમલીકરણ કરે છે.



**'ગુજરાત કેન ગુજરાતીસ વિલ' આજે સાબિત થઇ ગયું છે'** ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ સમિટમાં સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીએ વાયબ્રન્ટ સમિટમાં બ્રાન્ડિંગ સાથે બોન્ડિંગને પ્રાધાન્ય આપ્યું છે. ગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝના સીઈઓ, પ્રેસિડેન્ટોનું ગુજરાતમાં સ્વાગત છે. હાલમાં જ ભારતની જી-20 સમિટ સફળ રહી હતી. આજે આપણે વાયબ્રન્ટ સમિટને સફળ બનાવવા એકત્ર થયા છીએ. આજે આ સમિટ બે દસકની સફળતા વિશ્વ માટે સન્માનિત બની ગઈ છે.



**સ્ટીલ કિંગ લક્ષ્મી મિત્તલનું સંબોધન** લક્ષ્મી મિતલે જણાવ્યું હતું કે, ગત વર્ષે સપ્ટેમ્બરમાં હું આવ્યો હતો. નરેન્દ્ર મોદીએ વન ફેમિલી, વન ફ્યુચરનું કહ્યું હતું. નરેન્દ્ર મોદીએ ગ્લોબલ સાહસના અવાજને પણ બુલંદ કર્યો છે. ઓટોમેટિવ ઈન્ડસ્ટ્રીઝ, રેલવે, ગ્લોબલ ટેકનોલોજીને લાવીને અમે નવી ટેકનોલોજીથી કામ કરી રહ્યા છીએ. 24 મિલિયન ટન હજીરા સાઈટ વિશ્વનું સૌથી વધુ સ્ટીલ ઉત્પાદન કરતો પ્રોજેક્ટ બની જશે. 2047ના વિઝનને પૂરુ કરવા માટે અમે તૈયાર છીએ.

### વિદેશના આ મહાનુભાવો અને સંસ્થાના CEO હાજર રહ્યા...

- સુલતાન અહેમદ બીન સુલેમાન (યુએઇ)
- સંજય મેહરોત્રા (યુએસએ)
- જહોન ટટલ (યુએસએ)
- ટોશીહીરો સુઝુકી (જાપાન)
- માઈકલ સીન (સિંગાપોર)
- કીથ સ્વેન્ડર્સન (ડેનમાર્ક)
- યુસુફ અલી એમ.એ (યુએઇ)
- ટાકિયો કોનીશી (ફિલિપાઈન્સ)
- ઓગસ્ટે ટાનો (યુએસએ)
- લાલ કરસનભાઈ (યુએસએ)
- વિવેક લાલ (યુએસએ)
- બર્ટ ટેન ઓડેન (નેધરલેન્ડ)
- વ્લાદીમીર કાઝબેકોવ (શાંઘહાઇ)
- ઓમર અલ મહરીઝી (ઓમાન)
- એરીક સોલ્હેમ (સ્વીત્ઝર્લેન્ડ)
- નગુયેન સાન ચાઉ (વિયેટનામ)
- મોહમ્મદ ઈ. અલ મહેંદી (યુએઇ)
- માસાહીરો ક્વાઈ (સીઈઓ, એશિયન ડેવલપમેન્ટ બેન્ક ઈન્સ્ટી.)
- મોહ ઈદ (ઈટાલી)
- પિયુષ ગુપ્તા (સિંગાપોર)
- ફિલિપ સ્મીથ (યુકે)
- પ્રો.ઈયાન માર્ટીન (ઓસ્ટ્રેલિયા)
- રીતુ અરોરા (સિંગાપોર)
- એડવર્ડ નાઈટ (યુએસએ)
- ક્રિસ્ટોફર હેસલર (યુએસએ)

### ભારતના ટોચના આ ઉદ્યોગપતિઓ હાજર રહ્યા

- મુકેશ અંબાણી (રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ)
- એન.ચંદ્રશેખરન (ટાટા સન્સ)
- બાબા કલ્યાણી (ભારત ફોર્જ)
- સંજીવ પુરી (આઈટીસી)
- ઉદય કોટક (કોટક મહિન્દ્રા બેન્ક)
- કુમાર મંગલમ બિરલા (આદિત્ય બિરલા ગ્રૂપ)
- દિલીપ સંઘવી (સન ફાર્મા)
- હર્ષપતિ સિંઘાનિયા (જેકે પેપર)
- ગૌતમ અદાણી (અદાણી ગ્રુપ)
- લક્ષ્મી મિત્તલ (આર્સેલર મિત્તલ)
- વિજય શેખર શર્મા (પેટીએમ)
- સમીર નિગમ (ફોન પે)
- પંકજ પટેલ (ઝાયડસ)
- અમિત સિંગલે (એશિયન પેઈન્ટ્સ)
- દિનેશ કુમાર ખારા (એસબીઆઇ)
- અનિલ અગ્રવાલ (વેદાંતા ગ્રુપ)
- વેંકટ એન (કેપજેમિની)
- સંજય ગુપ્તા (ગૂગલ)
- મહેન્દ્ર નેરૂકર (એમેઝોન)
- સ્વરૂપ આનંદ મોહંતી (મીરાઇ)
- હિરોશી ઈબિના (નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા)
- યોજી તાગુચી (મિત્શુબીશી કોર્પો.ઈન્ડિયા)
- વિક્રમ કસ્બેકર (હીરો મોટો કોર્પ)
- હર્ષા અગ્રવાલ (ઈમામી ગ્રૂપ)
- તરૂણ મહેતા (એથર એનર્જી)

### હંમેશાં બીજા નંબરે રહેતું ને આ વખતે નંબર વન પર પહોંચ્યુ

# સુરતની ‘સૂરત’માં સિક્સર

## ગાર્બેજ કલેક્શનથી લઈ રસ્તાની સફાઈ પર ધ્યાન અપાયું અને તેનું ફળ પણ મળ્યું

## સ્વચ્છતા સર્વેક્ષણની યાદીમાં ઈન્દોરની સાથે સંયુક્ત રીતે નંબર વન બની સિદ્ધિ મેળવી












**સુરત: દેશનાં સૌથી સ્વચ્છ શહેરોમાંથી સુરતે બાજી મારી છે. સુરતને સ્વચ્છતા સર્વેક્ષણ-2023માં દેશના સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ મળ્યો છે. છેલ્લા થોડા સમયથી સુરત મહાનગરપાલિકા દ્વારા દેશભરમાં સ્વચ્છતામાં પ્રથમ નંબર આવવા માટે મથામણ કરવામાં આવી રહી હતી, પરંતુ હંમેશાં બીજા નંબર પર સુરત શહેર રહી જતું હતું. આ વખતે સુરત મહાનગરપાલિકાએ ટીમવર્ક બતાવ્યું અને એકસાથે પ્રયત્નો કરીને પોતે સિદ્ધિ હાંસલ કરી લીધી છે. સુરતને દિલ્હીમાં સ્વચ્છતા સર્વેક્ષણ-2023 માટે દેશભરનાં શહેરોના રેન્ક જાહેર કરાયો એમાં નંબર વનનો રેન્ક મળ્યો છે.**

### શહેરમાં આનંદનો માહોલ

સમગ્ર કાર્યક્રમનું સુરત મહાનગરપાલિકા ખાતે લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કર્મચારીઓ અને પદાધિકારીઓએ એકમેકને શુભકામના આપી હતી, સાથે જ સફાઈ કામદારો અને એનજીઓ પણ આ કાર્યક્રમમાં જોડાયા હતાં. તમામ લોકોએ સુરતને છેલ્લાં ત્રણ વર્ષથી જે પીછેહઠ મળતી એમાં અગાઉથી કરેલી તૈયારીઓ અને આ જ રીતે નંબર મેળવતા રહેવા તેમજ નંબરને યથાવત્ રાખવા માટેની તૈયારી પણ દર્શાવી હતી.

### પ્રયાસો બાદ બીજો નંબર આવતો

આ અંગે ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે જણાવ્યું હતું કે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સ્વચ્છતાનો ખૂબ આગ્રહ કરતા હતા. પ્રધાનમંત્રી બન્યા પછી પણ નરેન્દ્રભાઈ આખા દેશમાં સફાઈ માટે જાગૃતિ લાવવા પોતે પણ હાથમાં ઝાડુ લઈ નીકળી પડ્યા હતા. વર્ષો પહેલાં ગંદકીના સામ્રાજ્યને કારણે સુરત જે બદનામ હતું એના બદલે છેલ્લાં કેટલાંક વર્ષોથી સુરત સ્વચ્છતામાં બીજા નંબરે આવતું હતું.

### આ નંબર જાળવી રાખજો

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ વખતે નરેન્દ્ર મોદી સાહેબ સુરત ડાયમંડ બુર્સના ઉદઘાટનમાં આવ્યા એના એક અઠવાડિયા પહેલાં તેમનો આદેશ હતો માઈક્રો સફાઈની ઝુંબેશ કોર્પોરેશનના અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોએ ગલી-ગલીમાં જઈ સફાઈ ઝુંબેશ ઉપાડી, આજે પહેલીવાર સુરતે દેશમાં સ્વચ્છતામાં પહેલો નંબર પ્રાપ્ત કર્યો છે. આ નંબર જાળવી રાખજો એવી દરેક સુરતીઓ, કોર્પોરેશનને મારી નમ્ર અપીલ છે.

# સુરતના પોલીસ કમિશનર તોમરને સુપ્રીમ કોર્ટની નોટિસ

## અધિક મુખ્ય સચિવ કમલ દયાની અને સુરતના CPને પણ નોટિસ

■ સુરત



સુરતના એક બિઝનેસમેનને સુપ્રીમ કોર્ટે આગોતરા જામીન આપ્યા હતા. જામીન આપ્યા બાદ પણ બિઝનેસમેનને પોલીસે કસ્ટડીમાં રાખ્યા, ટોર્ચર કર્યા અને દોઢ કરોડની માગણી કરી. બિઝનેસમેને આ પ્રકારની ફરિયાદ સુપ્રીમ કોર્ટમાં કરતાં સુપ્રીમ કોર્ટ સુરતના પોલીસ કમિશનર સહિત ટોપ IPS પર લાલઘૂમ થઈ છે અને કોર્ટના તિરસ્કાર બદલ નોટિસ ફટકારી છે. સુપ્રીમે કહ્યું છે કે- આનો જવાબ આપવા આવવું પડશે અને બિસ્તરા-પોટલાં લઈને આવજો, તમારે સીધા જેલમાં પણ જવું પડે. સુપ્રીમની ઝાટકણી બાદ ગુજરાત IPS બેડામાં ખળભળાટ મચી ગયો છે. આ આખી ઘટનાની વિગતો એવી છે કે છેતરપિંડીના એક કેસમાં સુરતના બિઝનેસમેન તુષાર રજનીકાન્તભાઈ શાહ સામે ફરિયાદ થઈ હતી અને કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. 8 ડિસેમ્બર, 2023એ સુપ્રીમ કોર્ટે તુષાર શાહને શરતી જામીન આપ્યા હતા.

## NEWS FILE

### કુમાર કાનાણીએ લગ્ન નોંધણી બાબતે મુખ્યમંત્રીને લખ્યો પત્ર



સુરતઃ સુરતના વરાછા રોડ વિધાનસભાના ધારાસભ્ય કુમાર કાનાણી સમયાંતરે પત્રો લખીને ચર્ચામાં આવતા હોય છે. સમાજને સ્પર્શતા મુદ્દે ફરી એક વખત કુમાર કાનાણી દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો છે. પૂર્વ વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા દ્વારા લગ્ન નોંધણી બાબતે જે કાયદો છે. તેમાં ફેરફાર કરવા માટેની માગ કરી છે. જેમાં તેમણે કહ્યું છે કે, લગ્ન નોંધણીમાં માતા-પિતાની સંમતિ હોવી જરૂરી છે. જેનો કાયદામાં સમાવેશ કરવો જોઈએ. આ બાબતે સુરતના વરાછા રોડના ધારાસભ્ય કુમાર કાનાણીએ પણ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. વરાછા રોડ વિધાનસભાના ધારાસભ્ય કુમાર કાનાણીએ જણાવ્યું કે, પૂર્વ વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા દ્વારા મુખ્યમંત્રીને જે માંગણી કરવામાં આવી છે તે ખૂબ જ યોગ્ય છે. લગ્ન નોંધણીમાં માતા-પિતાની સહમતિ હોવી ખૂબ જ જરૂરી છે.

### રાજકોટ RTOમાં 1.10 લાખ વાહનોની નોંધણી થઈ

રાજકોટઃ રાજકોટમાં છેલ્લા 1 વર્ષમાં 1.10 લાખ વાહનોની ખરીદી થઈ છે. તો તેમાં 7,633 ઈ-વ્હીકલની નોંધણી RTO કચેરીમાં થઈ હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે RTOમાં લાયસન્સ રિન્યુ, ડુપ્લીકેટ લાયસન્સ સહિતની 1.24 લાખ લોકોએ અરજી કરી હતી. જેમાંથી 67 હજાર 768 અરજીઓ એવી હતી કે, જેમાં લોકોએ ઘેર બેઠા આર.ટી.ઓ.ની સેવાનો લાભ લીધો હોવાનું સામે આવ્યું છે. રાજકોટનાં ઈન્ચાર્જ આર.ટી.ઓ. અધિકારી કેતન ખપેડે જણાવ્યું હતું કે, રાજકોટ આર.ટી.ઓ કચેરી દ્વારા વર્ષ 2023 દરમિયાન 1 લાખ 10 હજાર 282 જેટલાં વાહનો રજીસ્ટ્રેશન થયા છે.

### જામનગરના ધારાસભ્ય રિવાબા જાડેજાના જનસેવા કેન્દ્રનો પ્રારંભ



જામનગરઃ જામનગરના 78 ઉત્તર ધારાસભ્ય રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાના જનસેવા કેન્દ્રનો પ્રારંભ વિશ્વ પ્રસિધ્ધ આણદાબાવા સેવા સંસ્થાના મહંત દેવપ્રસાદજી મહારાજ, સ્વામીનારાયણ જૂના મંદિરના મહંત ચર્તુભુજદાસજી, ખીજડા મંદિરના નારાયણનંદજી, મોટી હવેલીના રસાદ્રરાયજીના હસ્તે થયો હતો. આ પ્રસંગે સંતો-મહંતો-મહાનુભાવો ધારાસભ્ય રિવાબા જાડેજા સહિત સૌ કોઈએ અક્ષત પૂજન કર્યું હતું. પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજના અંતર્ગત સાંજના 5 વાગ્યા સુધી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.30થી વધુ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માંગતા લોકોને લાભ થશે.

# 22 ઇલેક્ટ્રિક બસ અચાનક બંધ

## « રાજકોટથી એરપોર્ટ જતી બસો વાઈબ્રન્ટ સમિટમાં ફાળવી, મુસાફરો રૂ.100ની સામે 1000 ભાડું ચૂકવવા મજબૂર

■ રાજકોટ

રાજકોટથી 35 કિલોમીટર દુર આવેલા હિરાસર એરપોર્ટ માટે ST વિભાગ દ્વારા આ રૂટ પર દર કલાકે ઈલેક્ટ્રિક એસી બસ દોડાવવામાં આવી રહી છે. જે અચાનક બંધ કરી દેવાતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સરકારી બસો બંધ થતા મુસાફરોને 100 રૂપિયાના ભાડા સામે 1000 રૂપિયા ચૂકવવાની ફરજ પડી રહી છે. આ અંગે એસટી વિભાગનો સંપર્ક સાધતા જણાવ્યું હતું કે, હાલ રાજકોટ-હિરાસર એરપોર્ટ રૂટ પર ચાલતી ઈલેક્ટ્રિક એસી બસોને વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં મોકલવામાં આવી છે. જે તા.13 જાન્યુઆરીથી આ રૂટની તમામ બસો ફરીથી રાબેતા મુજબ શરૂ થઈ જશે.

રાજકોટથી 35 કિ.મી. દૂર આંતરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ પર પહોંચવા અને એરપોર્ટથી રાજકોટ શહેર સુધી આવવા માટે રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા 22 ઈલેક્ટ્રીક એસી બસ દોડાવવામાં આવી રહીં હતી. આ તમામ બસ દર કલાકે બંને જગ્યાએથી મળી રહેતી હતી. જેમાં માત્ર રૂ.100 ભાડું જ વસુલવામાં આવતું હતું. આ રૂટની તમામ બસો વહેલી સવારના 6 વાગ્યાથી રાત્રિના 8 વાગ્યા સુધી સતત દોડતી રહેતી હતી.

### સ્પેશિયલ 22 ઇલેક્ટ્રિક બસ અચાનક બંધ થતાં શહેરીજનોને થઇ હાલાકી



છેલ્લા બે દિવસથી રાજકોટ-હિરાસર એરપોર્ટની સ્પેશિયલ 22 ઈલેક્ટ્રિક બસ અચાનક બંધ કરી દેતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે એસટી વિભાગના અધિકારીનો સંપર્ક સાધતા તેઓએ જણાવ્યું હતું કે, હાલ રાજકોટ-હિરાસર એરપોર્ટ રૂટ પર ચાલતી ઈલેક્ટ્રિક એસી બસોને વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં મોકલવામાં આવી છે. જે તા.13 જાન્યુઆરીથી આ રૂટની તમામ બસો ફરીથી રાબેતા મુજબ શરૂ થઈ જશે. જ્યારે હિરાસર એરપોર્ટ માટે હાઈ-વે સુધી એસટી બસની સેવા ચાલું જ હોવાનું પણ કહ્યુ હતું. હાલ તમામ મુસાફરોને હિરાસર એરપોર્ટથી 4થી 5 કિલોમીટર ચાલીને હાઈ-વે સુધી જવું પડે રહ્યું છે. તો એરપોર્ટ પર જનારા લોકોને હાઈ-વેથી ચાલીને એરપોર્ટ સુધી જવાની નોબત આવી છે. આ ઉપરાંત યાત્રીકોએ માત્ર રૂ.100માં મળતી સેવાના હવે રૂ.1000થી વધુ ચુકવવા પડી રહ્યા છે.

# અપમૃત્યુ એ પાપ છે, અપમૃત્યુ કરનારને બીજા સાત જન્મ અપમૃત્યુ કરીને જ મરવું પડે છે



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - 15**

આટલા સમયમાં એવી એક પણ રાત નહોતી વીતી કે શુભા એની સાથે ના હોય. શુભાને વળગીને સુઈ જવાની તુલસીને આદત જ પડી ગયેલી. દિવસ તો કંઈકેય પસાર થઈ જતો હતો, પરંતુ રાત કાઢવી બહુ જ મુશ્કેલ લાગતી હતી.

આકાશના તારાઓ પણ જાણે કે એને હવે ઓળખી ગયા હતાં. કારણ કે, ઊંઘ ના આવે ત્યારે એ અગાસી પર જઈને કલાકો સુધી તારાઓને નિહાળ્યા કરતી.

જીવનમાં કોઈ જ રસ નહોતો રહ્યો પરંતુ અપમૃત્યુ એ પાપ છે અને અપમૃત્યુ કરનારને બીજા સાત જન્મ અપમૃત્યુ કરીને જ મરવું પડે છે. શાસ્ત્રની આવી વાતમાં માનવાની લીધે એ પોતાની જિંદગીને એમ જ પસાર કરી રહી હતી.

શુભાના ચાલ્યા જવાથી આમ તો એનો હવે આ ઘરમાં રહેવાનો કોઈ જ અર્થ નહોતો, પરંતુ જો એ અત્યારે જ આ ઘરમાંથી ચાલી જાય તો લોકો શું કહેશે? વળી નૈતિક દ્રષ્ટિએ પણ એ વાત યોગ્ય ન હતી. લક્ષ્મીપ્રસાદનો આઘાત હજુ ઓસર્યો નહોતો.

શુભા-શુભા કરીને ક્યારેક મોટેથી રડતા ને જીદે ચડતા કે બસ, મને શુભા પાસે લઈ જાવ, ત્યારે એમને ઘેનનું ઈન્જેક્શન આપીને સુવડાવી દેવા પડતા.

શુભાને શોધવા માટે લક્ષ્મીપ્રસાદે કોઈ જ કસર નહોતી છોડી. પાણીની જેમ પૈસા વેર્યા હતા. વળી એ એમની બહુ જ લાડકી હતી. તુલસી સાથે એમનો વર્તાવ ભલે સારો નહોતો પરંતુ શુભા માટે તો લક્ષ્મીપ્રસાદ ને રુખીબહેન બંને પ્રાણ પાથરતા.

પોતાની દીકરી માટે આટલું કરનારને અત્યારે આવી હાલતમાં છોડીને જવું તુલસીને ઠીક ના લાગ્યું.

અખિલ અને શુભાના મૃત્યુને દસ દિવસ વીતી ગયા હતાં. છતાંયે તુલસીનું મન એ સ્વીકારવાની ના પાડતું હતું. તુલસીના મગજમાં વિચાર આવતો કે, જ્યારે મા અને બાબા મૃત્યુ પામ્યા હતાં ત્યારે કેટલો બધો જીવ બળતો હતો! અત્યારે મને રડવું આવે છે, દુઃખ પણ થાય છે. પરંતુ એવો જીવ કેમ બળતો નથી? શુભા મૃત્યુ પામી છે એવું લાગતું જ નથી. આમ કેમ? શું હું હવે પથ્થરની થઈ ગઈ છું? મારી અંદરની લાગણીઓ બધી મરી પરવારી છે?


હૃદયના કોઈક ખૂણે હજુએ શુભાના હૃદયનો ધબકાર મને કેમ સંભળાયા કરે છે! એ મને બહુ જ યાદ કરતી હોય, ઝંખતી હોય એવો આભાસ કેમ થાય છે!

બાબા જ્યારે પણ બહારગામ કથા કે સપ્તાહ કરવા જતા ત્યારે મા-દીકરી એકલા પડતાં. ભલે બાબા સાથે વધારે વાતો ના થતી, પરંતુ એમના વગર બિલકુલ ના ગમતું. એમની મુક હાજરીની જાણે કે તુલસીને ટેવ જ પડી ગયેલી.

તુલસી માને ફરિયાદ કરતી કે બાબા બહારગામ જાય છે એ મને બિલકુલ ગમતું નથી. ત્યારે મા હસીને એને પોતાની સોડમાં લઈને કહેતી 'જ્યારે આપણને કોઈ વગર ના ગમે, ત્યારે એમને દિલથી યાદ કરવા જોઈએ. એ દુનિયાના કોઈ પણ ખૂણે કેમ ન હોય, આપણો ભાવ એને સ્પર્શ્યા વગર રહેતો નથી અને ત્યારે એ વ્યક્તિ પણ તમને એટલા જ યાદ કરશે.'

ત્યારે તો તુલસી નાની હતી એટલે જેમ મા કહેતી એમ બાબાને યાદ કરતી. મોટી થઈ પછી ખબર પડી કે એને ટેલીપથી કહેવાય.

તુલસી વિચારી રહી, મા વિચારોથી કેટલી બધી સમૃદ્ધ હતી! ભણી નહોતી પરંતુ તેની વાતો હંમેશા જ્ઞાનસભર રહેતી! હું આટલું ભણી હોવા છતાંયે મારી વાતોમાં માની



વાતો જેટલું ઊંડાણ નથી હોતું!

આમ જ વિચારતા એનાથી બોલાઈ ગયું કે, ' હે ઈશ્વર દરેકે જન્મે મને આજ મા આપજો.' એ સાથે જ જાણે કે એની અંદરથી અવાજ આવ્યો 'મને દરેકે જન્મે તું નહિ માંગે મા?'

તુલસીનું હૃદય ભારોભાર ભરાઈ ગયું ને બોલી ઉઠી 'કેમ નહીં મારી લાડકી. તે આટલા ટૂંકા સમયમાંયે જે સુખ, શાતા મને આપી છે એ બીજું કોણ આપી શકે? તું પણ મારે જન્મોજન્મ જોઈએ બેટા. તું પણ મને જન્મોજન્મ જોઈએ.

પોતાની છલકાઈ જતી આંખોમાંથી શુભાના પ્રતિબિંબને છટકવા દેવા ના માંગતી હોય એમ તુલસીએ આંખો મીંચી દીધી. 'ભાભી, ઈન્સ્પેક્ટર આયવા છે. નીચે બોલાવે છે તમને. ઈને મળવું છે તમને.' ઝમકુએ તુલસીને કહ્યું.

ખુરશીમાં આંખો બંધ કરીને બેસેલી તુલસીએ બંધ આંખે જ કહ્યું 'બેસાડ એમને હું આવું છું હમણાં.' તુલસી મોં ધોઈને નીચે આવી. ઈન્સ્પેક્ટર બહાર ગાર્ડનમાં બેઠા હતા ત્યાં ગઈ, ને ખુરશીમાં બેઠી.

ઈન્સ્પેક્ટર તુલસી સામે એક લાંબી પળ જોઈ રહ્યા. આ દસ દિવસમાં રહ્યુંસહ્યું નૂર પણ એનું જતું રહ્યું હતું. શ્વાસ લઈ શકતું એક હાડપિંજર જ જોઈ લો જાણે.

તુલસીએ કશું ના બોલ્યું એટલે એમણે જ બોલવાની શરૂઆત કરી. 'અખિલના શરીર પરથી મળેલી ઘડિયાળ, પાકીટ આપવા આવેલો.' મૃત્યુ વખતે અખિલે આપેલું બયાન વાંચવું છે તમારે? હું એની એક ઝેરોક્ષ કાઢીને લઈ આવ્યો છું.'

આ સાંભળીને તુલસીની પાંપણો જરાતરા હલી હોય એવું ઈન્સ્પેક્ટરને લાગ્યું. પરંતુ એણે કોઈ જ જવાબ ના આપ્યો. એટલે ઈન્સ્પેક્ટરે ફરી કહ્યું 'શુભા વિશેની વાત છે તમારી જાણવી હોય તો.'

શુભાનું નામ આવતા જ જાણે કે પૂતળામાં જીવ આવ્યો હોય એમ તુલસીનું દરેક અંગ ટટ્ટાર થઈ ગયું, ને બોલી 'તમે જ ટૂંકમાં કહી દો.'

ક્રમશઃ વધુ આવતા અંકે...

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ (અ, લ, ઈ)



તમને કેટલાક સમયથી ચાલી રહેલી વ્યસ્તતામાંથી થોડી રાહત મળશે અને થોડો સમય આત્મનિરીક્ષણ અથવા કોઈ આધ્યાત્મિક સ્થાન પર વિતાવીને તમને માનસિક શાંતિ મળશે. કોઈ પણ સંજોગોમાં અંગત પ્રવૃત્તિઓને અવગણશો નહીં. આજે કોઈ પણ નાણાકીય રોકાણમાં પૈસા ન લગાવો, ન તો કોઈને પૈસા ઉછીના આપો કારણ કે વળતરની કોઈ આશા નથી.

### વૃષભ (બ.વ.ઉ)



સંતુલિત અને સુવ્યવસ્થિત કાર્ય વ્યવસ્થા જાળવી રાખવાથી દિનચર્યા સરળ રીતે પસાર થશે. આજે તમને કોઈ પ્રભાવશાળી અને વરિષ્ઠ વ્યક્તિની હાજરીમાં ઉત્તમ માહિતી શીખવા મળશે. પૈસાના મામલામાં કોઈના પર આંધળો વિશ્વાસ ન કરો. ઈન્ટરનેટ અને ફોન દ્વારા બિઝનેસમાં નવી માહિતી મેળવવી તમારા વ્યવસાયને વિસ્તારવામાં મદદરૂપ થશે.

### મિથુન (ક.છ.ઘ)



ઉત્તમ સ્થિતિ પ્રવર્તે છે.તમારા અંગત અને પારિવારિક કામમાં વધુ ધ્યાન આપો. સ્વ-સંબંધિત કાર્યો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનો પ્રયાસ કરો. તમારા પરિવારને લગતી કોઈ સમસ્યા પણ ઉકેલાઈ જશે. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં ગુસ્સે થવાને બદલે ધીરજ અને સંયમથી તેનો ઉકેલ શોધો, નજીકના મિત્ર કે સંબંધી સાથે લેવડ-દેવડને લઈને કેટલીક સમસ્યાઓ આવશે.

### કર્ક (ડ.હ)



તમારા વિશેષ કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવાથી તમને સફળતા મળશે. તમારી ઉર્જા અને શક્તિ વધારવા માટે સારા સાહિત્ય અને આધ્યાત્મિક કાર્યોમાં રસ લો. દરેક વ્યક્તિના મતે તમારા વર્તનમાં પરિવર્તન અને લવચીકતા લાવવી જરૂરી છે, કારણ કે ક્યારેક તમારો જિદ્દી સ્વભાવ અન્ય લોકો માટે મુશ્કેલીનું કારણ બની જાય છે. ધંધામાં થોડી અડચણો આવશે.

### સિંહ (મ.ટ)



સુખદ ગ્રહોની સ્થિતિ છે. તમારા પ્રયત્નો અને સંવાદિતા પરિવારના સભ્યો અને સંબંધીઓ સાથેના સંબંધોમાં વધુ સુધારો કરશે. સંતાનો તરફથી સારા સમાચાર મળવાથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. વ્યવહારુ બનો, તમારા ભાવનાત્મક સ્વભાવને બદલો. બીજાની બાબતોમાં હસ્તક્ષેપ કરવાને બદલે પોતાના કામમાં ધ્યાન આપો.

### કન્યા (પ.ઠ.ણ)



કન્યા રાશિના જાતકોએ પોતાની દિનચર્યા થોડી વ્યવસ્થિત કરવી પડશે. જો કે, પ્રભાવશાળી લોકોની સંગતમાં રહેવાથી તમારા વ્યક્તિત્વ અને કાર્ય ક્ષમતામાં પણ સુધારો થશે. અટકેલા કામને ગતિ મળશે. અજાણ્યા લોકોના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કર્યા પછી જ તેમની સાથે સંપર્ક વધારવો. તેમની ખોટી સલાહ તમને તમારા લક્ષ્યથી દૂર કરી શકે છે.

### તુલા (ર.ત)



તમને તમારા કોઈ ખાસ પ્રયાસમાં ઈચ્છિત સફળતા મળવાની છે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક કાર્યમાં સફળતા મળશે. ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં થોડો સમય વિતાવો. તમે દિવસભર અંગત અને સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહેશો. ફોન પર અથવા મિત્રો સાથે હેંગઆઉટ કરવામાં તમારો સમય બગાડો નહીં. વેપારમાં વર્તમાન કાર્યોમાં બદલાવ આવશે.

### વૃશ્ચિક (ન.ય)



પ્રોપર્ટી વગેરેની ખરીદી-વેચાણ સંબંધિત કોઈપણ યોજનાને અમલમાં મૂકવા માટે આ યોગ્ય સમય છે. અનુભવી અને પ્રભાવશાળી લોકો સાથે થોડો સમય વિતાવવાથી તમારા વ્યક્તિત્વમાં નોંધપાત્ર પરિવર્તન આવશે. સમય પ્રમાણે તમારા વ્યવહારમાં બદલાવ લાવો. કેટલીકવાર તમારી વધુ પડતી દખલગીરીને કારણે તમારા પરિવારના સભ્યો પરેશાન થઈ શકે છે.

### ધન (ભ.ફ.ધ.ઢ)



તમારા કેટલાક ખાસ કામ પૂરા થવાના છે. જો પ્રોપર્ટીની લે-વેચથી સંબંધિત કોઈ કાર્ય ચાલી રહ્યું હોય તો તમને ચોક્કસ સફળતા મળશે. તમે શારીરિક અને માનસિક રીતે મજબૂત અનુભવ કરશો. સંબંધોને મધુર બનાવવામાં તમારું વિશેષ યોગદાન રહેશે. પરંતુ તણાવ લેવાને બદલે સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરો. કાર્યક્ષેત્રમાં વેપારમાં મંદીની સ્થિતિ રહેશે.

### મકર (ખ.જ)



સંજોગો તમને કોઈ વિશેષ સિદ્ધિ અપાવશે. તેનો યોગ્ય ઉપયોગ કરો. નજીકના સંબંધીઓના આવવાથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે અને ખાસ મુદ્દાઓ પર વાતચીત પણ થશે. બાળકો પર કડક નિયંત્રણ ન રાખો અને મૈત્રીપૂર્ણ વર્તન કરો. તમારી કોઈ યોજના કોઈ અજાણી વ્યક્તિ સાથે શેર ન કરો. કાર્યસ્થળમાં તમામ કામ તમારી દેખરેખ હેઠળ કરાવો.

### કુંભ (ગ.સ.શ.ષ)



બધી જવાબદારીઓ પોતાના પર લેવાને બદલે તેને અન્ય લોકો સાથે શેર કરવાથી તમારા કામનો બોજ હળવો થશે. ઘરની જાળવણી અથવા ફેરફારો સંબંધિત યોજનાઓ અમલમાં મૂકવા માટે આ અનુકૂળ સમય છે. એ પણ ધ્યાનમાં રાખો કે વધુ પડતું વિચાર કરવાથી તમારો સમય બગડી શકે છે. તેથી, તમારા કાર્યોને સમય અનુસાર ગોઠવતા રહો.

### મીન (દ.ચ.ઝ.થ)



દિવસભર કેટલાક પડકારો રહેશે, પરંતુ તમે કોઈપણ પરિસ્થિતિનો સરળતાથી ઉકેલ મેળવી શકશો. કોઈ પોલિસી કે પ્રોપર્ટીમાં રોકાણ કરવું ફાયદાકારક રહેશે. બીજાની મદદ લેવાને બદલે તમારી ક્ષમતાઓમાં વિશ્વાસ રાખો. બીજાની સલાહને અવગણશો નહીં. તેથી, બધી જવાબદારીઓ તમારા પર લેવાને બદલે, તેને વહેંચતા શીખો.

# ગોલ્ડન ગ્લોબ એવોર્ડ 2024 વિજેતાઓનું લિસ્ટ, લીલી ગ્લેડસ્ટોન બેસ્ટ અભિનેત્રી

## બાર્બી અને ઓપનહાઈમર ફિલ્મનો દબદબો જોવા મળ્યો



**લોસ એન્જેલસ:** વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારોમાંના એક 'ગોલ્ડન ગ્લોબ એવોર્ડ 2024'ની શરૂઆત અમેરિકાના લોસ એન્જલસ થઈ છે. તમાની નજર આ એવોર્ડ પર છે. આ વખતે 'ગોલ્ડન ગ્લોબ એવોર્ડ'માં 'બાર્બી' અને ઓપનહાઈમર' જેવી ફિલ્મોનો દબદબો જોવા મળી રહ્યો છે.'ઓપનહાઈમર'ને બેસ્ટ પિક્ચર ડ્રામાનો એવોર્ડ મળ્યો અને આ ફિલ્મના મુખ્ય ભૂમિકા ભજવનાર અભિનેતા 'કિલિયન મર્ફી'ને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો. જ્યારે, 'કિલર્સ ઓફ ધ ફ્લાવર મૂન' અભિનેત્રી લીલી ગ્લેડસ્ટોનને બેસ્ટ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો છે.

## જેકી ભગનાની-રકુલ પ્રીતના લગ્ન 22મી ફેબ્રુઆરીએ થશે

### લવલી કપલ ગોવામાં પ્રાઈવેટ સિરેમનીમાં સાત ફેરા લેશે

■ મુંબઈ



બોલિવૂડ એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહ ટૂંક સમયમાં તેના બોયફ્રેન્ડ જેકી ભગનાની સાથે લગ્ન કરવા જઈ રહી છે. તેમના લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, પરંતુ જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, કપલ તેમના લગ્નમાં ખૂબ જ કડક સુરક્ષા અને ગોપનીયતા જાળવશે. આ ખાનગી સમારંભમાં આવનાર મહેમાનોને તેમની સાથે ફોન રાખવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હિન્દુસ્તાન ટાઈમ્સના તાજેતરના અહેવાલ મુજબ, રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાની તેમના લગ્નને ખાનગી રાખવાની યોજના બનાવી રહ્યા છે. લગ્નના કોઈ ફોટા લીક ન થાય તેની ખાતરી કરવા માટે લગ્નમા હાજર મહેમાનો તેમની સાથે તેમના ફોન રાખી શકશે નહીં. રકુલ પ્રીત સિંહ અને જેકી ગોવામાં ડેસ્ટિનેશન વેડિંગ કરવા જઈ રહ્યા છે. બંનેની પ્રી-વેડિંગ સેરેમની 2 દિવસ સુધી ચાલશે. લગ્નની તૈયારીઓ શરૂ કરતા પહેલા જેકી ભગનાનીએ બેંગકોકમાં બેચલર પાર્ટી આપી હતી.

## રેઈડ ટૂમાં ઈલિયાનાની જગ્યાએ વાણી કપૂર ગોઠવાઈ ગઈ

### ઈલિયાના બાળકને ઉછેરી રહી હોવાથી તેની બાદબાકી

■ મુંબઈ




અજય દેવગણની 'રેઈડ ટૂમાં તેની હિરોઈન તરીકે ઈલિયાના ડી ક્રૂઝને બદલે વાણી કપૂર જોવા મળશે. આ ફિલ્મનું શૂટિંગ શરુ થઈ ગયું હોવાના તથા તે આગામી નવેમ્બરમાં રીલીઝ થવાના હોવાના સમાચાર હજુ આગલા દિવસે જ આવ્યા હતા. હવે ફિલ્મના સેટ પરથી વાણી કપૂરની તસવીરો પણ વાયરલ થઈ છે.

અજય દેવગણ અને વાણી કપૂર પહેલીવાર ઓન સ્ક્રીન સાથે દેખાશે. ફિલ્મના પહેલા ભાગમાં ઈલિયાના ડી ક્રૂઝનો નાનકડો રોલ હતો. જોકે, ઈલિયાના તાજેતરમાં જ માતા બની છે અને તે પોતાના સંતાનનો ઉછેર અમેરિકામાં કરી રહી છે. તે અંગત જિંદગીમાં વ્યસ્ત હોવાથી તેને આ ફિલ્મમાં રિપીટ કરવામાં આવી નથી. વાણી કપૂર કેટલાય સમયથી કોઈ સારા હિટ પ્રોજેક્ટની તલાશમાં હતી. યશરાજ ફિલ્મ્સ જેવાં બેનરનો સપોર્ટ છતાં પણ વાણી કપૂરની કારકિર્દી ધાર્યા ટ્રેક પર આગળ વધી નથી. કારણ કે પહેલા ભાગની જેમ તેમાં પણ હિરોઈનના ભાગે બહુ ઓછો સ્ક્રીન ટાઈમ હશે તે નિશ્ચિત મનાય છે.

## NEWS FILE

### લગ્નના 14 વર્ષ બાદ પતિ નારંગથી અલગ થઈ ઈશા



નવી મુંબઈ: લગ્નના 14 વર્ષ બાદ ઈશા કોપિકર અને તેના પતિ ટીમી નારંગના અલગ થવાના સમાચારે બધાને ચોંકાવી દીધા હતા. અભિનેત્રી તેની 9 વર્ષની પુત્રી રિયાના સાથે શિફ્ટ થઈ છે. ટિમ્મીએ તાજેતરમાં એક ન્યૂઝ પોર્ટલ પર તેના છૂટાછેડાની પુષ્ટિ કરી હતી અને ઘણી ચોંકાવનારી બાબતો પણ જણાવી હતી. ઈશા કોપિકરે શેર કર્યું કે, તેઓ છૂટાછેડા માટે ફાઈલ કરવાનું નક્કી કરતા પહેલા દોઢ વર્ષથી છૂટાછેડા લેવાનું વિચારી રહ્યા હતા. ટિમ્મીએ ખુલાસો કરતા કહ્યું કે, "ગયા વર્ષે નવેમ્બરમાં છૂટાછેડા મંજૂર કરવામાં આવ્યા હતા અને તે અમુક શરતો પર હતા. અમે બંને હવે અમારા જીવનમાં આગળ વધવા માટે સ્વતંત્ર છીએ.

### આઓગે જબ તુમ સાજના..ના ગાયક રશીદ ખાનનું નિધન

મુંબઈ : વિખ્યાત શાસ્ત્રીય ગાયક રશીદ ખાનનું માત્ર ૫૫ વર્ષની વયે કેન્સરથી નિધન થતાં ભારતીય શાસ્ત્રીય સંગીત ઉપરાતં બોલીવૂડના વર્તુળોમાં ભારે શોકની લાગણી છવાઈ છે. રશીદ ખાન રામપુર-સહસ્વાન ઘરાનાના કલાકાર હતા. આ ઘરાનાની શરુઆત તેમના પરદાદા ઈનાયત હુસૈન ખાને જ કરી હતી. તેમને લાંબા સમયથી પ્રોસ્ટેટ કેન્સરની બીમારી હતી. કોલકત્તામાં કેન્સરની સારવાર દરમિયાન હોસ્પિટલની પથારીએ થી પણ એક દિવસ માટે પણ તેઓ રિયાઝ કરવાનું ચૂક્યા ન હતા. પોતાના કાકા ગુલામ મુસ્તફા ખાન પાસેથી તાલીમ મેળવી હતી.

### રશ્મિકા વિજય દેવરકોંડા સાથે સગાઈ કરે તેવી શક્યતા



રશ્મિકા સારી વાઈફ બનવાની પ્રગટ કરી ચૂકી છે ઈચ્છા

મુંબઈ : વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના ટૂંક સમયમાં એન્ગેજમેન્ટ કરી લેશે એમ કહેવાય છે. સાઉથના ફિલ્મી વર્તુળોમાં તો એટલી હદ સુધીની ચર્ચા છે કે ફેબ્રુઆરીનાં બીજાં સપ્તાહમાં યુગલની સગાઈની તારીખ નક્કી થઈ ગઈ છે. રશ્મિકા અને વિજય દેવરકોંડા લાંબા સમયથી રિલેશનશિપમાં છે. તેઓ હૈદરાબાદમાં લિવ ઈન રિલેશનશિપમાં રહેતાં હોવાનું કહેવાય છે. ગઈ દિવાળીની ઊજવણી રશ્મિકા મંદાનાએ હૈદરાબાદમાં વિજય દેવરકોંડાના ઘરે કરી હતી. રશ્મિકાએ પતિ માટે એક વન્ડરફૂલ વાઈફ પુરવાર થશે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

# સાઉથની 10 ફિલ્મો પર 2750 કરોડની બાજી


## સાઉથના 11 સુપરસ્ટારની ફિલ્મો 2024માં રિલીઝ થશે

### 'સિંઘમ અગેઈન'ની ટક્કર 'પુષ્પા 2' સાથે થશે

■ ચેન્નઈ

કોરોના પછી સાઉથ ઈન્ડિયન ફિલ્મોનો ભારે ક્રેઝ છે. છેલ્લાં બે વર્ષમાં સાઉથના ઘણા મોટા સ્ટાર્સની ફિલ્મોએ બોક્સ ઓફિસ પર રેકોર્ડ તોડ્યા છે. આ વર્ષે પણ બોક્સ ઓફિસ પર સાઉથનો દબદબો જોવા મળી રહ્યો છે. એક તરફ બોલિવૂડના ત્રણેય ખાનની એક પણ ફિલ્મ 2024માં રિલીઝ નહીં થાય. જ્યારે, આ વર્ષે સાઉથના લગભગ દરેક મોટા સ્ટારની ફિલ્મો રિલીઝ થશે. જેમાં પ્રભાસ, અલ્લુ અર્જુન, અજીત, કમલ હસન, રજનીકાંત, રામ ચરણ તેજા, ચિયાન વિક્રમ, મોહનલાલ, જુનિયર એનટીઆર, થલાપતિ વિજય, મહેશ બાબુ જેવા 11 સુપરસ્ટાર્સના નામ સામેલ છે. 2024 માં, અલ્લુ અર્જુનની 'પુષ્પા' અને કમલ હાસનની 'ઈન્ડિયન' અને કંતારાની પ્રિક્વલ 'કંતારા ચેપ્ટર 1' જેવી ફિલ્મોની સિક્વલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. 2024માં માત્ર બોક્સ ઓફિસ પર સાઉથ ઈન્ડિયાની ટોચની 10 ફિલ્મો પર અંદાજે 2750 કરોડ રૂપિયા દાવ લગાવવામાં આવ્યા છે.

**10 ફિલ્મો પર 2750 કરોડ રૂપિયાનો દાવ**




2024માં સાઉથની 10 મોટી ફિલ્મો રિલીઝ થશે. જેમાં પ્રભાસ, રિષભ શેટ્ટી, અલ્લુ અર્જુન, રજનીકાંત, જુનિયર એનટીઆર, સૂર્યા, રામ ચરણ તેજા, કમલ હાસન, ધનુષ જેવા મોટા સ્ટાર્સનો સમાવેશ થાય છે. આ ફિલ્મોના બજેટ પર નજર કરીએ તો, ફિલ્મ-નિર્માતાઓએ માત્ર દસ ફિલ્મો પર અંદાજે રૂ. 2750 કરોડનો દાવ લગાવ્યો છે.

### 4 ખેલાડીઓને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

# મોહમ્મદ શમી સહિત 26 ખેલાડીઓ અર્જુન એવોર્ડથી સન્માનિત કરાયા

## શમીએ ODI World Cup 2023ની 7 મેચમાં 24 વિકેટ ઝડપી હતી

નવી દિલ્લી: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ ભવનમાં એક ઔપચારિક સમારંભમાં વાર્ષિક રાષ્ટ્રીય રમત પુરસ્કાર એનાયત કર્યા હતા. બેડમિન્ટનના સ્ટાર ખેલાડી ચિરાગ શેટ્ટી અને રંકીરેડ્ડી સાત્વિક સાઈ રાજને ખેલ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા તો બીજી તરફ ભારતીય ટીમના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી સહિત 26 ખેલાડીઓને અર્જુન એવોર્ડ આપવામાં આવ્યો હતો. એવોર્ડ મેળવનાર તમામ ખેલાડીઓની યાદી નીચે મુજબ છે.



**મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ 2023**

ચિરાગ ચંદ્રશેખર શેટ્ટી
રંકીરેડ્ડી સાત્વિક સાઈ રાજ

**અર્જુન એવોર્ડ 2023**

| ખેલાડીનું નામ | રમત |
|---|---|
| ઓજસ પ્રવીણ દેવતાલે | આર્ચરી |
| અદિતિ ગોપીચંદ સ્વામી | આર્ચરી |
| શ્રીશંકર એમ | એથ્લેટિક્સ |
| પારુલ ચૌધરી | એથ્લેટિક્સ |
| મોહમ્મદ હુસામુદ્દીન | બોક્સિંગ |
| આર. વૈશાલી | ચેસ |
| મોહમ્મદ શમી | ક્રિકેટ |
| અનુષ અગ્રવાલ | હોર્સ રાઈડિંગ |
| દિવ્યાકૃતિ સિંહ | હોર્સ રાઈડિંગ |
| દીક્ષા ડાગર | ગોલ્ફ |
| કૃષ્ણ બહાદુર પાઠક | હોકી |
| પુખરામબમ સુશીલા ચાનુ | હોકી |
| પવન કુમાર | કબડ્ડી |
| રિતુ નેગી | કબડ્ડી |
| નસરીન | ખો-ખો |
| પિંકી સિંઘ | લોન બાઉલ્સ |
| ઐશ્વર્યા પ્રતાપ સિંહ તોમર | શૂટિંગ |
| ઈશા સિંહ | શૂટિંગ |
| હરિન્દર પાલ સિંહ સંધુ | સ્ક્વોશ |
| આહિકા મુખર્જી | ટેબલ ટેનિસ |
| સુનીલ કુમાર | રેસલિંગ |
| અંતિમ પંઘાલ | રેસલિંગ |
| નાઓરેમ રોશિબીના દેવી | વુશુ |
| શીતલ દેવી પારા | આર્ચરી |
| ઈલુરી અજય કુમાર રેડ્ડી | બ્લાઈન્ડ ક્રિકેટ |
| પ્રાચી યાદવ | પેરા કેનોઈંગ |

**દ્રોણાચાર્ય એવોર્ડ 2023**

| કોચ | રમત |
|---|---|
| લલિત કુમાર | રેસલિંગ |
| આર. બી. રમેશ | ચેસ |
| મહાવીર પ્રસાદ સૈની | પેરા એથ્લેટિક્સ |
| શિવેન્દ્ર સિંહ | હોકી |
| ગણેશ પ્રભાકર દેવરુખકર | મલખંભ |

**લાઈફ ટાઈમ કેટેગરી**

| કોચ | રમત |
|---|---|
| જસકીરત સિંહ ગ્રેવાલ | ગોલ્ફ |
| ઈ. ભાસ્કરન | કબડ્ડી |
| જયંત કુમાર પુસીલાલ | ટેબલ ટેનિસ |

**લાઈફ ટાઈમ એચીવમેન્ટ માટે ધ્યાનચંદ એવોર્ડ 2023**


| ખેલાડી | રમત |
|---|---|
| મંજુષા કંવર | બેડમિન્ટન |
| વિનીત કુમાર વર્મા | હોકી |
| કવિતા સેલ્વરાજ | કબડ્ડી |

# એશિયન કપના ઈતિહાસમાં પહેલીવાર મહિલા રેફરી

## યામાશિતાએ ભારત-ઓસ્ટ્રેલિયા મેચમાં જવાબદારી સંભાળી

■ નવી દિલ્લી

જાપાનની યોશિમી યામાશિતા AFC એશિયન કપ ફૂટબોલ ટુર્નામેન્ટમાં અફીસીટ કરનાર પ્રથમ મહિલા રેફરી બનશે. 36 વર્ષની યમાશિતાએ 13 જાન્યુઆરીએ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેચમાં રેફરી બનીને ઈતિહાસ રચ્યો. 2019માં, યામાશિતા AFC ચેમ્પિયન્સ લીગ, FIFA મહિલા વિશ્વ કપ 2019 અને ટોક્યો ઓલિમ્પિક્સ 2020 માં અધિકૃત પ્રથમ મહિલા બની હતી. યામાશિતાએ ફિફા વર્લ્ડ કપ કતાર 2022માં મેચ રેફરીની ભૂમિકા પણ ભજવી છે. ભારતની પ્રથમ મેચ 2015ની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામે થશે. પ્રથમ વખત ભારતીય ટીમ સતત બે સિઝનમાં ક્વોલિફાય થઈ છે. બ્લુ ટાઈગર્સ તરીકે જાણીતી ભારતીય ટીમને ઓસ્ટ્રેલિયા, ઉઝબેકિસ્તાન અને સીરિયાની સાથે ગ્રુપ Bમાં રાખવામાં આવી છે. ભારત 5મી વખત એશિયન કપ રમી રહ્યું છે.



## NEWS FILE

### ICCએ કેપટાઉન પિચ વિવાદ વચ્ચે આપ્યો મોટો નિર્ણય



કેપટાઉનઃ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાયેલી ટેસ્ટ ક્રિકેટની સૌથી નાની મેચ બાદ ICCએ ન્યુલેન્ડ્સની પિચને 'અસંતોષકારક' રેટિંગ આપી છે. ICC પિચ અને આઉટફિલ્ડ મોનિટર્રિંગ પ્રક્રિયા હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે. સાઉથ આફ્રિકા અને ભારત વચ્ચે 2 મેચોની ટેસ્ટ સીરિઝની અંતિમ મેચ કેપટાઉનના ન્યુલેન્ડ્સમાં રમાઈ હતી. આ ટેસ્ટ મેચમાં માત્ર 642 બોલ ફેંકવામાં આવ્યા હતા. આમ આ ટેસ્ટ ઈતિહાસની સૌથી નાની મેચ સાબિત થઈ હતી. ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ કહ્યું હતું કે, 'ભારતની પિચો વિશે બોલનારાઓએ હવે મોં બંધ રાખવું જોઈએ.

### દિનેશ કાર્તિક ઈંગ્લેન્ડ લાયન્સના કોચિંગ સ્ટાફ સાથે જોડાશે

લંડનઃ ભૂતપૂર્વ ભારતીય વિકેટકીપર બેટર દિનેશ કાર્તિક ભારતીય પ્રવાસ માટે ઈંગ્લેન્ડ A (ઈંગ્લેન્ડ લાયન્સ) ટીમમાં જોડાશે. તે 9 દિવસ માટે ટીમ સાથે રહેશે અને ઈંગ્લેન્ડ લાયન્સની તૈયારીઓમાં મદદ કરશે. કાર્તિક બેટિંગ કન્સલ્ટન્ટ તરીકે જોડાશે. તેઓ ભારતીય પરિસ્થિતિઓ અંગે સલાહ આપવામાં મદદ કરશે. ઈંગ્લેન્ડ લાયન્સ ટીમ ઈન્ડિયા A વિરૂદ્ધ પ્રવાસ મેચ અને ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી રમશે. શ્રેણીની તમામ મેચ અમદાવાદમાં રમાશે. દિનેશ કાર્તિક 9 દિવસ માટે ટીમ સાથે જોડાશે. આ પછી ટીમના નિયમિત કોચ ઈયાન બેલ ટીમમાં પરત ફરશે.

### યુવા બેટ્સમેન રિંકુ સિંહે ધોની મોટા ખુલાસા કર્યા



નવી દિલ્લીઃ રિંકુ સિંહે ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન એમએસ ધોનીના વખાણ કર્યા છે. તેમણે કહ્યું છે કે, કેવી રીતે તેણે અંતિમ ક્ષણોમાં પોતાને શાંત રાખવાની સલાહ આપી હતી. ધોનીની નિવૃત્તિ બાદ ભારતીય ટીમને લાંબા સમયથી તેના જેવા ફિનિશરની જરૂર હતી. હાલમાં તે જરૂરિયાત પુરી થતી જોવા મળી રહી છે. યુવા બેટ્સમેન મિડલ ઓર્ડરમાં રિંકુ સિંહ સતત સારું પ્રદર્શન કરી રહ્યો છે. ખાસ વાત એ છે કે, તે મેચ જીતીને પેવેલિયન પરત ફરી રહ્યો છે.26 વર્ષીય મિડલ ઓર્ડર બેટ્સમેને મેચ બાદ કહ્યું કે, હું તેની પાસેથી આ ગુણ શીખ્યો છું કે જ્યારે તમે મેચ ખતમ કરવાની સ્થિતિમાં હોવ ત્યારે તમારી જાતને શાંત રાખો.

# કોહલીને ટેસ્ટ રેન્કિંગમાં ફાયદો મળ્યો

## રોહિત ટોપ-10માં પરત ફર્યો, બોલર્સ રેન્કિંગમાં બુમરાહ નંબર-4, અશ્વિન ટોચ પર યથાવત

■ નવી દિલ્લી

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી ICC ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં નંબર-6 પર પહોંચી ગયો છે. તાજેતરમાં, સાઉથ આફ્રિકાના પ્રવાસ દરમિયાન, વિરાટ ભારતનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો, તેણે 172 રન બનાવ્યા હતા. આ પ્રદર્શનને કારણે તેને 3 સ્થાનનો ફાયદો થયો છે અને તે નવમાંથી છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે. વિરાટ ઉપરાંત કેપ્ટન રોહિત શર્મા પણ 4 સ્થાનની છલાંગ લગાવીને 10માં સ્થાને પહોંચી ગયો છે. બોલરોમાં જસપ્રીત બુમરાહ એક સ્થાન આગળ વધીને ચોથા નંબર પર પહોંચી ગયો છે. બોલરોમાં રવિચંદ્રન અશ્વિન ટોપ પર છે.

જસપ્રીત બુમરાહને પણ ICC ટેસ્ટ બોલર રેન્કિંગમાં ફાયદો થયો છે. તે એક સ્થાનના ફાયદા સાથે નંબર-4 પર પહોંચી ગયો છે. તેણે સાઉથ આફ્રિકાના પ્રવાસમાં માત્ર 3 ઈનિંગ્સમાં 12 વિકેટ ઝડપી હતી. આ પ્રદર્શન માટે બુમરાહને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ પણ મળ્યો હતો. બેટર્સમાં વિરાટ છઠ્ઠા સ્થાને છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા 4 સ્થાનની છલાંગ લગાવીને 10માં સ્થાને પહોંચી ગયો છે.

### વિરાટે સાઉથ આફ્રિકામાં પોતાના અનુભવનો પરચો બતાવ્યો




વિરાટ કોહલી સાઉથ આફ્રિકા પ્રવાસની શરૂઆત પહેલા ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં નવમા નંબર પર હતો. પહેલી જ મેચમાં તેણે 38 અને 76 રનની ઈનિંગ્સ રમી હતી. બીજી મેચમાં જ્યાં 7 ભારતીય બેટર્સ પોતાનું ખાતું પણ ખોલી શક્યા નહોતા ત્યાં વિરાટે 46 રન બનાવીને ટીમનો સૌથી વધુ રન બનાવ્યો હતો. તેણે બીજી ઈનિંગમાં 12 રન બનાવ્યા હતા. વિરાટે સિરીઝમાં 172 રન બનાવીને ટીમ ઈન્ડિયા તરફથી સૌથી વધુ રન બનાવ્યા હતા. તેના પછી કેએલ રાહુલ ટીમનો બીજો ટોપ સ્કોરર હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ની તાજેતરની બેટિંગ રેન્કિંગમાં ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમસન ટોચ પર છે. બેટર્સમાં વિરાટ છઠ્ઠા સ્થાને છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા 4 સ્થાનની છલાંગ લગાવીને 10માં સ્થાને પહોંચી ગયો છે.

### 21.8 KM લાંબો અટલ સેતુ મુંબઈ-નવી મુંબઈને જોડે છે

# PM મોદીએ મુંબઈમાં દેશના સૌથી લાંબા સી-બ્રિજનું ઉદઘાટન કર્યું

## 2 કલાકની મુસાફરી 16 મિનિટમાં પૂર્ણ થતાં વાહનચાલકો ખુશખુશાલ





■ મુંબઈ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શુક્રવારે દેશના સૌથી લાંબા દરિયાઈ પુલ અટલસેતુનું ઉદઘાટન કર્યું હતું. આ પુલ મુંબઈને નવી મુંબઈથી જોડે છે. આ સાથે બે કલાકની મુસાફરી 16 મિનિટમાં પૂર્ણ થશે. મોદીએ ડિસેમ્બર 2016માં આ પુલનો શિલાન્યાસ કર્યો હતો. આ પુલનો કુલ ખર્ચ 17 હજાર 843 કરોડ રૂપિયા થયો છે. 21.8 કિમી લાંબો સિક્સ લેન પુલ મુંબઈ ટ્રાન્સ હાર્બર સીલિંક (MTHL) તરીકે પણ ઓળખાય છે. પુલનો 16.5 કિમી ભાગ સમુદ્ર પર છે, જ્યારે 5.5 કિમી ભાગ જમીન પર છે. આ પુલની ક્ષમતા દૈનિક 70,000 વાહનની છે. હાલમાં આ પુલ પરથી દરરોજ અંદાજે 50 હજાર વાહન પસાર થવાનો અંદાજ છે.


MTHLની વેબસાઈટ અનુસાર, બ્રિજના ઉપયોગથી દર વર્ષે એક કરોડ લિટર ઈંધણની બચત થવાનો અંદાજ છે. આ દરરોજ 1 કરોડ ઈંવીમાંથી બચતના ઈંધણની સમકક્ષ છે. આ સિવાય પ્રદૂષણના સ્તરમાં ઘટાડાને કારણે લગભગ 25 હજાર 680 મેટ્રિક ટન $CO_2$ ઉત્સર્જનમાં પણ ઘટાડો થશે. બ્રિજ બનાવવા માટે 1.78 લાખ મેટ્રિક ટન સ્ટીલ અને 5.04 લાખ મેટ્રિક ટન સિમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બ્રિજ પર 400 સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. પક્ષીઓ અને દરિયાઈ જીવોની સુરક્ષા માટે બ્રિજ પર સાઉન્ડ બેરિયર્સ અને અદ્યતન લાઈટિંગ લગાવવામાં આવી છે. આ પુલની ક્ષમતા દૈનિક 70000 વાહનની છે. આના કારણે દક્ષિણ મુંબઈથી ચિર્લેનું અંતર લગભગ 30 કિમી ઘટી જશે.

# ભારત અમને પુનઃનિર્માણ માટે મદદ કરે, યુક્રેનની અપીલ

## રશિયા સામેના યુદ્ધના કારણે દેશને મોટાપાયે થયું છે નુકસાન

■ કીવ

રશિયાના ભીષણ હુમલાઓના કારણે બરબાદ થઈ રહેલા યુક્રેને ભારત પાસે મદદ માંગી છે. યુક્રેનનુ કહેવુ છે કે, દેશ તબાહ થઈ ગયો છે અને ઈકોનોમી ખાડે ગઈ છે ત્યારે દેશમાં પુન નિર્માણ માટે ભારત મદદ કરે. જેથી યુક્રેનમાં વિશ્વના બીજા દેશોનુ રોકાણ વધારી શકાય. યુક્રેનના ડેપ્યુટી ફાઈનાન્સ મિનિસ્ટર વોલોદમેર કુજ્યોએ ગુજરાતમાં યોજાયેલા વાઈબ્રન્ટ ગુજરાત સંમેલનમાં પોતાના દેશની ઈકોનોમીને ફરી પાટા પર ચઢાવવાનો પ્લાન રજૂ કર્યો હતો. વાઈબ્રન્ટ ગુજરાતમાં યુક્રેનના મંત્રીને આમંત્રણ આપવામાં આવ્યુ છે તે વાતને ભારતની વિદેશ નીતિમાં બદલાવનો સંકેત માનવામાં આવી રહ્યો છે.યુક્રેને પણ ભારત પાસે પોતાની ઈકોનોમીને સહાય કરવા માટે મદદ માંગી છે. તે પણ એવા સમયે જ્યારે ભારત રશિયા પાસેથી મોટા પાયે તેલ ખરીદી રહ્યુ છે.



## NEWS FILE

### સઉદી અરબમાં દુબઈના બુર્જ ખલીફાનો રેકોર્ડ તૂટશે



દુબઈઃ 14 વર્ષ પહેલા દુબઈમાં બુર્જ ખલીફા 828 મીટરની ઊંચાઈ સુધી પહોંચીને વિશ્વની સૌથી ઊંચી બિલ્ડીંગ બની ગઈ હતી. આને ઘણા રેકોર્ડ બનાવ્યા અને ફેમસ થઈ ગઈ. બુર્જ ખલીફાનું નિર્માણ 2004માં શરૂ થયુ અને તેને સત્તાવાર રીતે 2010માં ખોલવામાં આવી. ઈમારતને દુબઈના કેન્દ્રમાં એક મોટુ અને મુખ્ય આકર્ષણ બનાવવાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જોકે, હવે એક નવી બિલ્ડીંગની ચર્ચા થઈ રહી છે જે તેને પાર કરી શકે છે. જેદ્દા ટાવર જેને કિંગડમ ટાવર પણ કહેવામાં આવે છે. કથિત રીતે 1,000 મીટર (1 કિમી, 3,281 ફૂટ) થી વધુ ઊંચુ હશે.

### એમેઝોનના જંગલમાં 2500 વર્ષ જૂનું શહેર મળી આવ્યું

નવી દિલ્હી : એમેઝોનના જંગલો દુનિયાના સૌથી મોટા ગણાતા અને ધરતી માટે ફેફસાનુ કામ કરે છે. એમેઝોન દુનિયાનુ સૌથી મોટુ રેન ફોરેસ્ટ છે અને દુનિયાનો 20 ટકા ઓક્સિજન આ જંગલ સપ્લાય કરે છે. તેથી આ જંગલોને ધરતીના ફેફસા પણ કહેવાય છે. એમેઝોનના જંગલો વિશ્વભરના લોકો માટે રહસ્યનો વિષય છે. કારણ કે અહીં ઘણા એવા પ્રાણીઓ અને જીવો જોવા મળી આવે છે જે દુનિયામાં બીજે ક્યાંય જોવા મળતા નથી. આ જંગલમાં ઘણા ખતરનાક પ્રાણીઓ રહે છે તે વિશ્વના સૌથી મોટા અને ગીચ જંગલોમાંનું એક છે.

### પહેલીવાર દિલ્હી પોલીસની પરેડમાં માત્ર મહિલાઓ જ દેખાશે



નવી દિલ્હીઃ દિલ્હીમાં ગણતંત્ર દિવસ પર યોજાનાર કાર્યક્રમમાં દિલ્હી પોલીસ તરફથી માત્ર મહિલા પોલીસકર્મીઓ જ પરેડમાં ભાગ લેશે. માર્ચિંગ સ્ક્વોડમાં કુલ 194 મહિલા હેડ કોન્સ્ટેબલ અને મહિલા કોન્સ્ટેબલો ભાગ લેશે. તેમનું નેતૃત્વ IPS અધિકારી શ્વેતા કે. સુગથન કરશે. દિલ્હી પોલીસના અધિકારીએ મંગળવારે (9 જાન્યુઆરી) જણાવ્યું કે આ નિર્ણય લિંગ સમાનતા અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે લેવામાં આવ્યો છે. આ ઉપરાંત પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ વર્ષે મહિલા પોલીસની પાઈપ બેન્ડની આગેવાની પણ મહિલા અધિકારી કરશે.

# અંતરિક્ષ પણ હવે નહીં રહે સ્વચ્છ

## « પૃથ્વીની પ્રદક્ષિણા કરતાં સેટેલાઈટ 10 લાખથી વધુ હશે, અંતરિક્ષમાં પ્રદૂષણ વધશે તો શું થશે?

### જૂના સેટેલાઈટનો કચરો ધીમે ધીમે ધરતી પર પડતો રહેશે

■ ન્યૂયોર્ક

સરકારી એજન્સીઓ અને કંપનીઓ દર વર્ષે કેટલાય સેટેલાઈટ પૃથ્વીની કક્ષાઓમાં સ્થાપિત કરી રહી છે. વિજ્ઞાનીઓનો અંદાજ છે કે થોડાં વર્ષોમાં પૃથ્વીની ચોતરફ ફરતાં આ સેટેલાઈટની સંખ્યા 10 લાખ સુધી પહોંચી જશે. તેને મોકલવા માટે ઉપયોગમાં લેવાતાં રોકેટોથી ઉત્સર્જનનું સ્તર પણ ઘણું વધી જશે. તેનાથી પૃથ્વીના વાયુમંડળના પ્રાચીન સ્તરોને ભારે નુકસાન થશે. જૂના ખરાબ સેટેલાઈટનો કચરો પણ ધરતી પર પડતો રહેશે.1990માં નાસા દ્વારા ઘણાં રોકેટ મોકલ્યા બાદ કેપ કેનેવરલની એકદમ ઉપર ઓઝોનમાં એક નાનું છીદ્ર થઈ ગયું હતું. 2022માં અભ્યાસ દ્વારા જણાયું કે રોકેટ મોકલવાનો દર 10 ગણો વધ્યો છે. તેનાથી આકાશના કેટલાક ભાગમાં તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ વધ્યું. વાયુમંડળનો ઉપરી ભાગ અંતરિક્ષ યાનોમાંથી નીકળનારી ધાતુઓથી ભરાયેલો છે. વિજ્ઞાનીઓને ચિંતા છે કે અંતરિક્ષ એજન્સીઓ રોકેટની સફળતા સાથે જોડાયેલાં જોખમોનું આંકલન કરે છે.

### નીચલી કક્ષામાં 9 હજારથી વધુ સેટેલાઈટ સ્થાપિત કરાયા છે



પૃથ્વીની નીચલી કક્ષામાં 9 હજારથી વધુ સેટેલાઈટ સ્થાપિત કરાયા છે. તેમાં પાંચ હજારથી વધુ સ્ટારલિન્કના છે. આ એક પ્રકારનું તારામંડળ છે, જેને સ્પેસ એક્સ ધરતીના ખૂણે-ખૂણા સુધી ઈન્ટરનેટ સેવા સ્થાપિત કરવા માટે બનાવી રહ્યું છે. તેને પૂર્ણ કરવા હજારો સેટેલાઈટ મોકલવાના બાકી છે. ખગોળશાસ્ત્રીઓને અંતરિક્ષમાં થનારી ગતિવિધિઓ અને સેટેલાઈટ વચ્ચેના ફરકમાં મુશ્કેલી પડી રહી છે. સૌથી શક્તિશાળી ટેલિસ્કોપ પણ હજારો સેટેલાઈટને કારણે નાકામ સાબિત થઈ રહ્યા છે. 2020માં દૂરની આકાશગંગામાં અત્યાધિક ઊર્જાવાન વિસ્ફોટ થવાનો દાવો કરાયો હતો. તે માત્ર એક ચક્કર લગાવતું સેટેલાઈટ હતું. આ સમસ્યાને પહોંચી વળવા ખગોળશાસ્ત્રી સેટેલાઈટની રોશની ઘટાડવાનો વિકલ્પ અને અન્ય સમાધાનો પર એજન્સીઓ સાથે ચર્ચા કરી રહ્યા છે.